શ્રીજૈનશ્વે૦ મૂ૦ પૂ૦ બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું. *Registered No. B. 876.*

# बुद्धिप्रभा.

# BUDHI PRABHA.

( ધાર્મિક–સામાજીક–સાહિત્ય–નૈતિક વિષયોને ચર્ચતું માસિક. )

સંપાદક–મણીલાલ મોહનલાલ પાદરાકર.

पुस्तक ७ मुं.    जानेवारी १९१६. वीर संवत २४४१.    अंक १० मो.

## વિષયદર્શન.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧. બુરી નાદાનની યારી ... | ... ૨૮૯ |
| ૨. પ્રભુને પોકાર ... ... | ... ૨૯૧ |
| ૩. સમયનો સદુપયોગ ... | ... ૨૯૨ |
| ૪. અંતરાત્મ નગર ... ... | ... ૨૯૩ |
| ૫. જાપાનની આશ્ચર્યકારક ઉન્નતિ | ... ૨૯૪ |
| ૬. સ્વદેશ પ્રેમ ... ... | ... ૨૯૫ |
| ૭. ચમત્કારીક ગણીતના દાખલા | ... ૨૯૬ |
| ૮. જૈનોની પ્રાચીન જાહોજલાલી | ... ૨૯૭ |
| ૯. ક્લેશ વિનાશક યાને સદ્ગુણવર્ધક મુદ્રિકા. | ૩૦૧ |
| ૧૦. વિચારણા ... ... | ... ૩૦૫ |
| ૧૧. કામ બતાવ! નહિ તો ખાઇ જઇશ!!! | ૩૦૮ |
| ૧૨. પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન | ... ૩૧૦ |
| ૧૩. પરોપકારાય સતાં વિભૂતય: | ... ૩૧૪ |
| ૧૪. સન્યાસ અને શિષ્ય વ્રત... | ... ૩૧૫ |
| ૧૫. સ્વીકાર. ... ... | ... ૩૧૮ |
| ૧૬. યોગ ... ... ... | ... ૩૧૯ |
| ૧૭. બોર્ડીંગ પ્રકરણ ... ... | ... ૩૨૦ |


શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી

પ્રકાશક અને વ્યવસ્થાપક,

શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીશરાહ–અમદાવાદ.

લવાજમ–વર્ષ એકનો રૂ. ૧–૪–૦ સ્થાનિક ૧–૦–૦ છુટક દર એક નકલના બે આના.

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

આઠ આનામાં અમુલ્ય લાભ આપતું સસ્તામાં સસ્તું સચિત્ર ત્રિમાસિક

## "આદર્શ-જીવન."

આધ્યાત્મિક-સાહિત્ય-વાણીજ્ય (વ્યાપાર) ના ઉચ્ચ વિચારો દર્શાવતું, ઉચ્ચ શૈલીએ સાક્ષરો-વિદ્વાનો તથા મહાત્માઓને હાથે લખાઇ જૈનસમાજની સેવા અર્થે પ્રગટ થતું સસ્તામાં સસ્તું સચિત્ર ત્રિમાસિક. વાર્ષિક લવાજમ માત્ર આઠ આના (પોસ્ટેજ સાથે.)

નમુના માટે લખો—

**સંઘવી વાડીલાલ મુળજીભાઇ.**

લિંબડી—(કાઠિયાવાડ.)

---

## આખરે વિજય મળ્યો.

**હીસ્ટીરીઆ (તાણ) ના દરદને કોણ જાણતું નથી ?**

**હીસ્ટીરીઆ** નાની ઉમરની સ્ત્રીઓને ઘણો લાગુ પડે છે. હીસ્ટીરીઆના દરદનાં મૂળ કારણ શોધી કાઢી તેના ઉપાયો ઘણા દરદીઓ ઉપર અજમાવી અમે ખાત્રી કરી છે કે હીસ્ટીરીઆનું દરદ પૂરી રીતે મટી શકે છે. હીસ્ટીરીયા ભૂત નથી.

**હીસ્ટીરીઆના** દરદ ઉપર બીજા ઉપાયો અજમાવ્યા પહેલાં અમારી સલાહ લ્યો.

**હીસ્ટીરીઆનું** દરદ અમે ખાત્રીપૂર્વક ગેરંટીથી મટાડીએ છીએ. વિશેષ હકીકતનો ખુલાસો રૂબરૂ પત્ર મારફતે કરો.

**લી. શા. વાડીલાલ ડાહ્યાભાઈ.**

**અમદાવાદ. ( ઝવેરીવાડ. )**

**સુરજમલનું ડહેલું, આયુર્વેદ સિદ્ધૌષધાલય.**

---

## (દરદીઓને આશિર્વાદ.)

ઘણા મનુષ્યો જુદા જુદા રોગોથી પીડાય છે. તેમાં ગરીબ મનુષ્યો વૈદ્યો તથા ડૉકટરોનાં બીલ ભરવાને શક્તિવાન હોતા નથી અને તેથી મરણને શરણ થાય છે. અમોએ એક માહાત્માની કૃપાથી નીચે લખેલા દર્દોની દવા મેળવી છે, અને તેની શક્તિની સંપૂર્ણ ખાત્રી કરી છે. તેવા રોગોથી પીડાતા ગરીબ નીરાધાર માણસને કેવળ પરમાર્થ બુદ્ધિથી મફત આપવા ઇચ્છીએ છીએ, અને શક્તિવાળા માણસોને પ્રથમથી ધર્માદા ફંડમાં માસીક રૂ. ૨) આપવા પડશે તેથી તેવા રોગવાળાઓને, અમોને મળી અગર ટપાલ મારફતે દરદ જણાવી દવા લેવા ખાસ ભલામણ છે. જવાબ માટે અડધા આનાની ટીકીટ બીડવી.

**સંગ્રહણી** (મુંબાઇના પાણીથી અગર બીજા કારણથી થઈ હોય) **લકવો** યાને **પક્ષાઘાત. દમ, હાંફ, સ્વાસ ચડે તે. ભગંદર** (વાહાડ કાપ કર્યા વગર) **ઇંદ્રીયશિથિલતા** યાને **નામરદાઈ. કોઈ પણ જાતનો વા, હિસ્ટીરીયા** યાને વઈ અગર **મીરઘી. બચ્ચાંઓને થતી વરાધ. મસા** યાને **હરસ.**

જે લોકો વાંચી જાણતા નથી તેને વાંચી જાણનાર ખબર આપશે તો ઉપકાર થશે.

**શા. વાડીલાલ મોતીલાલ પાલખીવાળા** એલ. ટી. એમ.

**મળવાનો વખત**—સવારમાં ૧૧ થી ૧૨ સાંજે ૭ થી ૧૦

મીલ મેનેજર,—**ધી અમદાવાદ સ્વદેશી મીલ કું. લી.**

ઠે. લુણસાવાડે મોટી પોળ—**અમદાવાદ.**

# बुद्धिप्रभा.

## ( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रदद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૭ મું. ] તા. ૧૫ જાન્યુઆરી, સને ૧૯૧૬. [ અંક ૧૦ મો.


## " बुरी नादाननी यारी. "

વનોમાં વાસ છે સારો, ભલું નિર્ધનપણું જગમાં;
અહો તેથી ઘણી ખોટી, બુરી નાદાનની યારી. ૧
બને વિશ્વાસનો ઘાતક, ખરી વખતે ખસી જાવે;
કપાવે શીર્ષ થઈ નિજનો, બુરી નાદાનની યારી. ૨
ફસાવે ફાંસીમાં કપટે, ભરેલું સ્વાર્થથી હૈયું;
ખરેખર નરકની બારી, બુરી નાદાનની યારી. ૩
મુખે મીઠો હૃદય ઝેરી, નહિ નેકી નહિ ટેકી;
પ્રમાણિકતા જતો હારી, બુરી નાદાનની યારી. ૪
હૃદય ઘાતક બને સ્વાર્થે, પ્રપંચો કેળવે કોડી;
ફસાવી નાખતો ફંદે, બુરી નાદાનની યારી. ૫
ઉપરથી ડોળ સજ્જનનો, ધરીને યુક્તિથી ચાલે;
હરે તે સ્થાનને બાળે, બુરી નાદાનની યારી. ૬
હલાહલ વૈર ધરનારો, કષાયોમાંજ મરનારો;
ક્ષમાને નૈવ ધરનારો, બુરી નાદાનની યારી. ૭
અણી વખતે બને કાયર, કરે નિજપ્રાણ ધન વ્હાલું;
ભલાપર ફેરવે પાણી, બુરી નાદાનની યારી. ૮
વિચારે ના વિવેકે કંઈ, રહે છે મોહમાં માચી;
વદે ના વાત કો સાચી, બુરી નાદાનની યારી. ૯
અરે લલચાઇને લોભે, ફસાતો સ્વાર્થના ફન્દે;
પ્રતિજ્ઞાઓ કરી છંડે. બુરી નાદાનની યારી. ૧૦

ગણે ના સ્વાર્થની આગળ, ગમે તેવાં અરે પાપો;
પડીને અન્યને પાડે, બુરી નાદાનની યારી. ૧૧
ધરે મનમાં ઘણા રંગો, ધરે મન વાયુની પેઠે;
બને ગંભીર ના ક્યારે, બુરી નાદાનની યારી. ૧૨
કર્યો ઉપકાર ના જાણે, કરે અપકારને સામા;
બુરાઇમાં ભલું માને, બુરી નાદાનની યારી. ૧૩
હૃદયના સ્વાર્થને સાધે, કરીને હાજી હા જ્યાં ત્યાં;
ધરે છે મેળમાં શૂળી, બુરી નાદાનની યારી. ૧૪
ઘડીમાં રાગીને દ્વેષી, ઘડીમાં પ્રેમીને ક્લેશી;
નહીં નિશ્ચલ ધરે પ્રજ્ઞા, બુરી નાદાનની યારી. ૧૫
ભરેલી ઝેરની ક્યારી, અરે જેવીજ મહામારિ;
ભલે નર હોય વા નારી, બુરી નાદાનની યારી. ૧૬
ભલે હો યોગી વા ભોગી, ભલે હો રંક વા રોગી;
નિજાત્માના બન્યા ઢોંગી, બુરી નાદાનની યારી. ૧૭
ખુશામતમાં રહે રાજી, ભલે હો શેઠી વા કાજી;
મરે અન્તે ઘણું લાજી, બુરી નાદાનની યારી. ૧૮
બહુ બોલે અહો ગાજી, ખરી વેળા બને પાજી;
ભલે હો પૂજ્ય દાદાજી, બુરી નાદાનની યારી. ૧૯
હૃદયમાં પેસીને મારે, બની ચંડાળસમ ભારે;
હૃદય વેચી હૃદય હારે, બુરી નાદાનની યારી. ૨૦
વચનમાં સિંહ સમ શૂરો, હૃદયમાં શ્વાનસમ ભીરૂ;
ગપાટા મારતો જૂઠા, બુરી નાદાનની યારી. ૨૧
ખરી હિંમત નથી ધરતો, ગમે ત્યાં ભૂત થઇ ફરતો;
બુરાને બહુ અનુસરતો, બુરી નાદાનની યારી. ૨૨
ભજે તેને ફસાવે છે, સ્વયંસત્તા જમાવે છે;
બુરી વાતે ભમાવે છે, બુરી નાદાનની યારી. ૨૩
પ્રતીતિ ના કરો ક્યારે, અરે વિશ્વાસી થૈ મારે;
કુવામાં પાડીને પાડે, બુરી નાદાનની યારી. ૨૪
ફસી સોનું અહો લેવું, વસીને માનથી જોવું;
સદા મહાદુઃખ દેનારી, બુરી નાદાનની યારી. ૨૫
કરાવે ખૂન પોતાનું, પ્રકટ કરતો સકલ છાનું;
પડેલું વહાણમાં કાણું, બુરી નાદાનની યારી. ૨૬
રહે સ્વાર્થે સદા પાસે, પછીથી દૂર બહુ નાસે;
રહો ના પૂર્ણ વિશ્વાસે, બુરી નાદાનની યારી. ૨૭
બને ના સત્યનો રાગી, નિહાળે ના ખરૂં જાગી;
બની નિર્ભય જતો ભાગી. બુરી નાદાનની યારી. ૨૮

હણે છે પ્રાણ અન્યોના, પરીક્ષા નહિ નિજાત્માની;
ઘણું નિર્દયપણું ધારે, બુરી નાદાનની યારી. ૨૯
કરે છે વિશ્વમાં હોળી, ભભૂતિ દેહપર ચોળી;
હૃદયમાંહિ બને કોળી, બુરી નાદાનની યારી. ૩૦
ધરે ના નીતિની રીતિ, ભભૂકે ચિત્તમાં ભીતિ;
જતો બોલી અને હારી, બુરી નાદાનની યારી. ૩૧
વિવેક પૂર્ણ અવધારી, સમજશો સત્ય નરનારી;
બુદ્ધ્યબ્ધિ સંતની યારી, સદા સુખકર અહો સારી. ૩૨

# प्रभुने पोकार.

પોકારૂં બેશી બારણે-વહાલા ઉઘાડો બા'ર !
વહાલા ઉઘાડો બાર-ઓ વહાલા ઉઘાડો બા'ર ! પોકારૂં.
થઇ અબોલા કેમ બેઠા ? વાલમ પ્રાણાધાર !
ના કહો ત્હોયે બોલાવાનો, જંપુ નહિ પળ વાર ! ઓ વ્હાલા !
પિતા જ્યોતિ જગાવતા, નવ ચેતના રસધાર !
ઉલત જીવન આત્મ ઉજ્જે ! પ્રભુ એકાકાર ! ઓ વ્હાલા !
જોયા છે ને જોઉં છું, જોયાજ છું કરનાર !
પગલે પગલે પ્રાણવેરી, પ્રભુ ભમ્યા કરનાર ! ઓ વ્હાલા !
બોલો નહિ ત્હોયે બોલાવું, **જીવન**ના આધાર !
હસો નહિ ત્હોયે હસાવું, કાલો ઘેલો બાળ ! ઓ વ્હાલા !
ટળવળાવે કેમ **ત્હારા** દાસને દીનદયાળ ?
ઉઘાડ ઉઘાડ બા'ર, વ્હાલા જીવ જતાં નહિ વાર ! ઓ વ્હાલા !
પગથીઉં મળ્યું બેસવા, ત્હારા દ્વારનું દીનદયાળ;
પ્રેમ ત્યજી જતાં જીવ, **અલ્યા,** હવે છુટકો તાર્યે થનાર ! ઓ વ્હાલા !
કરગરતાં મળ્યો **આત્મ** સ્વામિ, ઓળખ્યાને પડયો પાય;
ચરણ ચુમ્યા, ઝળહળ જ્યોતિ, **જીવનનો** આધાર !
ઓ વ્હાલે ઉઘાડયાં બાર.
અનંતશક્તિ સ્વામિએ આપી-દારિદ્રય કીધાં દૂર;
**અનંતલક્ષ્મિ** પામતાં મ્હારાં વધ્યાં વદનનાં નૂર !
ઓ વ્હાલે ઉઘાડયાં બાર !
આનંદ માયો સમાયો ન જાયે, ધન્ય ધન્ય અવતાર;
આત્મ-સ્વામિ ઓળખતાં, મહારાં આંગળિયાં ઉજમાળ.
ઓ વ્હાલે ઉઘાડયાં બા'ર !
અનંતકાળના પ્રેમ-**પ્રવાસીનાં,** પુણ્ય ફળ્યાં એક વાર !
**જીવન** ક્ષાં પ્રભુ દર્શન કીધાં, ફેરો ટળ્યો ભવપાર !
ઓ વ્હાલે ઉઘાડયાં બા'ર !

# समयनो सदुपयोग.

### તોટકવૃત્ત.

શુભ જીવન શીઘ્ર તું સાધીજ લે, તક જાય સખે ફરી તે ન મળે;
કર કામ સખે શુભ નામ સખે, હજી જીવનતુંજ પ્રભાત સખે. ૧
સુમહોજ્જવલ સુરજ આ ઉગતો, નભસુંદરી ઘુંઘટમાં રમતો;
ભુઉછંગ વિષે કંઇ બાળક એ, રમતો કુદતો પ્રિય જો તું સખે. ૨
પ્રિય ઉજ્જવલ શુભ પ્રભાત સમે, કર ઉજ્જવલ કૃત્ય સુકાજ સખે;
કુમળું નવ જીવન છે ખીલતું, કદી તે ઘડીમાં મરતું દીસતું. ૩
વધી આત્મબળે ધરી હામ સખે, વધ આત્મિક જ્ઞાન મહીં તું સખે;
તુજ ધર્મ બજાવ મનોજ્ઞ સખે, નહિ પાપ વિષે પડતોજ સખે. ૪
શુભ જીવન જીવ જ્વલંત સખે, વિનયી વીર ધીર થઇજ સખે;
કુસુમો ખરતાં નહિ ગંધ મળે, વરસો વીતતાં પછી શું તું રળે. ૫
રવિ અસ્ત થતાં તુજ ઉજ્જવળતા, ટળશે, તજશે તન કોમળતા;
થઈ શુષ્ક પડે પછી દેહ લતા, નહિ ઉંઘ સખે તક પ્રાપ્ત છતાં. ૬
તક સાધ સખે તક સાધ સખે, ભરજોબન વ્યર્થ શું જાય સખે ?
વય પે'લીજ ઉત્તમ જોબનની, પરમાર્થ સાધન સુકૃતની. ૭
કુળદીપક થા તક ભૂલ નહિ, પછી દેશ દીપાવક થા તું સહી;
જગદીપકનો મન ભાવ ધરો, તક જાય ફરી મળતી ન નરો. ૮
ભરતી મહીં નાવ ચડે સુપથે, નહિ ઓટ વિષે તીર આવી શકે;
ઘડીનો વિશ્વાસ ન ધાર સખે, શુભ કાર્ય કરી તક સાધ સખે. ૯
રવિ ઉજ્જવળતા જતી જાય સખે, કરમાં કંઈ આળસ પ્રિય સખે;
તિમિરે કંઇ કાર્ય નહિ બનશે, વદમાં વળી ચંદ્ર નહિ ઉગશે. ૧૦
ન વિલંબ કરો શુભ વેગ ધરો, ત્વરિતા ગતિ ધર્મ તણી સમરો;
ઝરણાં જળ શા દિવશોજ જતા, નિધિ કાળ તણે પટ જઇ ભળતા. ૧૧
તક સાધ સખે ! તક સાધ સખે !
કહું વારંવારજ ભુલ રખે !
રમી લે રમતો શુભ દિન સમે
હસી લે મળી લે જશ જીવન લે. ૧૨
કર સારૂં કંઇ દરરોજ કંઇ,
શુભ લાવ લઇ જીવે જગત મહીં. ૧૩
સુમહોજ્જવલ આ રવિ દર્શનમાં, શુભ કાર્ય કરીજ કૃતારથ થા;
સુજ્વલંત પ્રકાશિત ઉજ્જવળી જે, શુભ કૃત્ય કરી જીવતો જીવ રે. ૧૪

પોપટલાલ કેવળચંદ શાહ.

# अंतरात्म नगर.

( ગરબી—રામ લક્ષ્મણ વનમાં સિધાવતા-એ રાગ. )

હેજી ! નિ:સ્પૃહ દેશ સોહામણો !
રૂડા નિર્ભય નગર મોઝાર !
મ્હારો સ્વામિ ત્યાં વસે ! ૧
હેજી ! નિર્મળ મન મંત્રી વડો !
જ્ઞાન રાજા તો ઝાકમ ઝાળ !
મ્હારો સ્વામિ ત્યાં વસે ! ૨
હેજી ! સંતોષ ચોક છે ચાંદની !
સાધુ સંગત પોળ અસરાળ !
મ્હારો સ્વામિ ત્યાં વસે ! ૩
હેજી ! પોળીઓ વિવેક સુ જાગતો !
સત્શાસ્ત્રની બાંધી છે પાળ !
મ્હારો સ્વામિ ત્યાં વસે ! ૪
હેજી ! મિત્ર વૈરાગ્ય ન વિહડે !
પ્રભુ શ્રદ્ધા ધરી ઉજમાળ !
મ્હારો સ્વામિ ત્યાં વસે ! ૫
હેજી ! આત્મ સ્વરૂપ સુરતા સદા !
થાય અંતર ક્રિડા સદાય !
મ્હારો સ્વામિ ત્યાં વસે ! ૬
હેજી ! ભાવના ભવ્ય નદી વહે !
સમતાજળ પારાવાર. મ્હારો સ્વામિ ત્યાં વસે. ૭
હેજી ! દાન દયા કુંડે ચહે બચો !
વાયુ વૃત્તિ પ્રભુતા અપાર ! મ્હારો સ્વામિ ત્યાં વસે. ૮
એવી અંતર નગરી સોહામણી.
નહિ જરવા ઉચાળા કદાય ! મ્હારો સ્વામિ ત્યાં વસે. ૯
નવ નાસ દુકાળ કરાળ છે !
અતિ વૃષ્ટિ, અનાવૃષ્ટિ ધાર ! મ્હારો સ્વામિ ત્યાં વસે. ૧૦
એવા નિર્ભય અંતર દેશમાં;
કરે આત્મા અનેરા વિહાર ! મ્હારો સ્વામિ ત્યાં વસે. ૧૧
મોધા જ્ઞાન હિંચોળે હિંચતાં !
કરે આત્મા અનેરા વિહાર ! મ્હારો સ્વામિ ત્યાં વસે. ૧૨

# जापाननी आश्चर्यकारक उन्नति.

( અનુસંધાન ગતાંક પાન—૨૫૯ થી ચાલુ. )

### હથીઆર–ન્યાય–અને ઔષધપ્રબંધ.

જાપાન સૈન્ય તથા વિદ્યામાં જેટલું આગળ વધ્યું તેજ પ્રમાણમાં હથીઆર તથા લશ્કરી અને દરિઆઇ વહાણની સામગ્રી બનાવવામાં પણ ઘણુંજ આગળ વધ્યુ છે. બન્દુક, તમંચા, તોપો વિગેરે ઘણીજ કુશળતાથી બનાવવા માટે ટોકીઓનાં લશ્કરી કારખાનાં મુલક મશહુર છે. ઓસાકાનાં કારખાનામાં તોપો ઘણીજ ઉંચી ને જથાબંધ બને છે. કેટલીક જાતની બન્દુકો, તોપો, ને તેનો સામાન ખૂબ જાપાન દેશાવર ખાતે મોકલે છે. અને અત્યારે ચાલી રહેલા મહા વિગ્રહના સમયે તો જાપાને આ બાબતમાં જે ઝપાટાબંધ વૃદ્ધિ કરવા માંડી છે તે તો કેવળ આશ્ચર્યજનકજ છે. શાંતપણે ડાહપણથી તટસ્થ વૃત્તિ રાખી તેણે ઉદ્યોગ–પ્રગતી અને દ્રવ્યની બાબતમાં અલૌકિક ચપળતા અને ખંતીલાપણું સાબીત કરી બતાવ્યું છે.

જેમ જાપાન યુદ્ધમાં સિપાહીઓની કત્લ કરવાનું અન્ય પાશ્ચાત્ય દેશો પાસેથી શીખ્યું છે, તેવીજ રીતે જખમી સિપાહીઓની સેવા સુશ્રુષા કરવાનું પણ તે ઘણીજ ઉત્તમ રીતે શીખ્યું છે. અને આ કાર્ય માટે Red Cross રેડ ક્રોસ નામની સુશ્રુષાકારીણી સમિતી ખોલવામાં આવી છે. આ સંસ્થાના પરોપકારી પુણ્ય કાર્યમાં જાપાનની મહારાણીથી માંડીને સાધારણ ગરીબ સ્ત્રી સુધીના સ્ત્રી વર્ગની સંપૂર્ણ સહાનુભુતી જરૂર પ્રસંગે ઝળકી ઉઠે છે ! પાશ્ચાત્ય દેશોમાં આવી અન્ય પ્રકારની જે સંસ્થાઓ છે, તે અહિંની આ સંસ્થાને પૂર્ણપણે સ્વિકાર કરે છે.

ગવ્હરમેન્ટના પુનઃ સ્થાપન થવા બાદ પ્રથમ પોલીસના શિક્ષણ પ્રબંધનો પૂર્ણ બંદોબસ્ત કર્યો, ને ત્યારથીજ આ બાબતમાં સારો સુધારો થતો ચાલ્યો ને તેનું પરિણામ એ આવ્યું કે ત્યાંની પોલીસ ઘણીજ ( honest ) પ્રમાનદાર બનવા સાથે તેમનો પ્રબંધ ઘણો સારો બન્યો. અલબત યુરોપ અને અમેરિકાની પોલીસના પ્રમાણ કરતાં જાપાનની પોલીસમાં કાંઇક કમીપણું હશે ૧૯૦૪ માં ૩૩૪૦૩ કર્મચારીઓ (સીપાહીઓ) અને અધિકારીઓ આ ખાતામાં કામ કરતા હતા. ૧૫૫૨૧–સ્થાનોમાં પોલીસ દફતર રહેતાં હતાં. એ સાલમાં આબાદીને શાંતિનો સમય હોવાથી ૧૩૫૭ માણસ દીઠ એક પોલીસમેન હતો.

ન્યાયવિભાગ, કાયદાકાનુન તથા જેલ–વિભાગ અને હેના નિયમો તૈયાર કરવા માટે પૂર્ણ રીતે ધ્યાન આપવામાં આવે છે. જાપાનનો એવો સિદ્ધાંત છે કે, કાયદાની–દૃષ્ટિએ સર્વ માણસો સરખાં છે. ત્યાંનો કાનુન એ છે કે, કદાચ કોઇએ અપરાધ કર્યો હોય તો, પછી ભલે તે ગમે તે હોય, તો પણ તેના પર કાયદેસર પગલાં લેવામાં બીલકુલ વિલંબ લગાડવાનો નહિ. રાજાનું કર્તવ્ય છે કે, તેણે કેદીઓની તંદુરસ્તીની કાળજી રાખવી જોઇએ. અને તેમની માનસિક તેમજ આત્મિક ઉન્નતિમાં વાંધો પડવા દે નહિ. દિવાની ફોજદારી અને વ્યાપારી નિયમોમાં કેટલીએ વાર સંશોધન કરવામાં આવ્યું છે. અહિંના કાયદા ફાંસ

અને જર્મનીના કાયદાના ધોરણે ઘડવામાં આવેલા છે. પરંતુ તેમાં જાપાની રીતરીવાજ અને આવશ્યકતાઓ અનુસાર ઉચિત ફેરફારો કરવામાં આવ્યા છે. જાપાનમાં 'જ્યુરી (પંચાયત) માર્ફતે કામ ચલાવવામાં આવતું નથીજ અને સરકારી વકીલો ખાસ પરીક્ષાઓ પાસ કર્યા બાદજ નીમવામાં આવે છે. જાપાનના ન્યાય વિભાગમાં એક ખાસ બાબત એ છે કે ત્યાં એક ખાસ અદાલત એવી છે કે, જેમાં એવા મુકરદમા ચલાવવામાં આવે છે, કે જેમાં કોઈ વ્યક્તિ વિશેષ અગર સર્વ સાધારણના અધિકારમાં પરસ્પર વિરોધ હોય ! જો આવા મુકરદમા સાધારણ અદાલતમાં ચલાવવામાં આવે તો તેના ફેંસલા અવશ્ય કોઈને કોઈ વ્યક્તિના પક્ષમાંજ થાય, જેથી આ ખાસ અદાલત બનાવવામાં આવી છે. જાપાનની ન્યાયખાતાઓની સંસ્થાઓની યોગ્યતા એથી પણ વધારે છે, એવું પણ સાબીત કરી બતાવે છે કારણ કે યુરોપીઅન જાતિઓ કે જે એમ માને છે કે પોતાના દેશના અધિકારોની રક્ષા પોતાનાજ દેશવાસીઓએજ કરવી જોઇએ, તેઓએ પણ પોતાના કાનુની અધિકારો છોડી દીધા છે; અને પોતાની પ્રજા તથા નાગરીકોના મુકરદમા જાપાની જજો તથા જાપાની કાયદાદ્વારા ચલાવવાની આજ્ઞા આપી છે.

જાપાનની સરકારે ઔષધાલયોની બાબતમાં પણ ઘણો સારો પ્રબંધ કર્યો છે. તેઓ લોકોની તંદુરસ્તી માટે ઘણીજ કાળજી રાખે છે. જાપાનમાં લગભગ એકહજાર દવાખાનાં તથા પ્રયોગશાળાઓ છે. તેમાંનાં ઘણાંખરાં ધર્માદા છે. કેટલીક ઇસ્પીતાલો ખાસ કેદીઓ માટેજ નિર્માણ છે. કેટલીક ગરીબ–અનાથ બાળકો માટેજ છે. અને આ બધાંનો વહીવટ દેશની પારમાર્થીક સ્ત્રીઓ માર્ફતેજ ચાલે છે. હાલની મનુષ્યગણના પ્રમાણે જાપાનમાં લગભગ ૩૦,૦૦૦, ડૉક્ટરો, ૩૦૦૦, હકીમો, ૨૬૮૩૦ નર્સો તથા ૨૫૯૫૬ દાઇઓ કામ કરી રહી હતી. આ બધાની દેખરેખ જાપાનની સ્વાસ્થ્ય સમિતી દ્વારા રાખવામાં આવે છે. લગભગ એક હજાર ડૉક્ટરો નિશાળનાં બાળકોની તંદુરસ્તીપર બારીક નજર રાખે છે. નિયમીત સમયે બધાં બાળકોની શારીરિક તપાસ કરીને તપાસવામાં આવે છે કે તેમની આરોગ્યસ્થિતિ બરોબર છે કે નહિ ? ને કદાચ માલુમ પડે કે તેમનું આરોગ્ય બરોબર નથી તો સત્વર ઉપાયો યોજવામાં આવે છે. અપૂર્ણ.

# સ્વદેશ પ્રેમ.

## (તોટક.)

બહુ મીસર રોમન ગ્રીક હતા, વળી દેશ બીજા જશમાં જબરા;<br>
પણ કાળ બળે અગદાઇ ગયા, જગમાંથી હતા ન હતાજ થયા. ૧<br>
વળી સૂરજ ભારત કીર્તિ તણો, બહુ તેજથી એક સમે તપતો;<br>
પણ કાળ જતાં રવિ અસ્ત થયો, પડતી થઇને યશ સર્વ ગયો. ૨<br>
ધન હીન ઘણા ધનવાન બને, ચઢતા પડતા સહુ કાળ બળે;<br>
ત્યુજ ચક્રથી કાળ ફરે સહુરે, બ્રમ પ્રેમ સ્વદેશ તણો ન ફરે. ૩<br>
કદી દેશ બીજા ધનવાન હશે, ચઢીને યશ સુખની ટોચ પરે;<br>
અમ હિંદ ભલે બહુ રંક હશે, ગમશે પ્રિય દેશ સદા અમને. ૪

# “ चमत्कारीक गणीतना दाखला. ”

આપણા વ્યવહારમાં ગણીત એ એક અગત્યનો વિષય છે. તેમાં એકથી દસ સુધીના આંકડાઓથીજ મોટી મોટી રકમો બને છે; તેટલાજ માટે તે મહત્વના છેઃ અક્કલના ઉપયોગથી એ આંકડાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર કરી કેવા ચમત્કાર વિધાના એ બતાવેલા છે તે નીચેના આંકડાઓ ઉપરથી સમજાશે.

**દાખલો ૧.**

એકથી નવ સુધીના આંકડાઓ ગોઠવી તે પૈકીનાએ ગુણી અને દસ ઉમેરીએ તો દસ એકડા આવે ત્યાર પછી અનુક્રમે માંડેલી રકમનો છેલ્લો આંકડો કાઢી નાખી નવે ગુણી અનુક્રમે જેટલા ઉમેરીએ તેટલા ઓછા એકડા આવે તે નિચેના હીસાબથી સમજાશે.

૧૨૩૪૫૬૭૮૯ × ૯ + ૧૦ = ૧૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮ × ૯ + ૯ = ૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭ × ૯ + ૮ = ૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬ × ૯ + ૭ = ૧૧૧૧૧૧૧
૧૨૩૪૫ × ૯ + ૬ = ૧૧૧૧૧૧
૧૨૩૪ × ૯ + ૫ = ૧૧૧૧૧
૧૨૩ × ૯ + ૪ = ૧૧૧૧
૧૨ × ૯ + ૩ = ૧૧૧
૧ × ૯ + ૨ = ૧૧
૦ × ૯ + ૧ = ૧

**દાખલો ૨.**

આમાં પણ પહેલાની માફક એકથી નવ ગોઠવી અનુક્રમે ઉતરતી રકમો એક સુધી ગોઠવી આઠે ગુણી નવથી એક સુધી ઉમેરતાં બરોબર હીસાબ નવથી એક સુધી રહે છે. ત્યાર પછી છેલ્લી લાઇનનો એક એક આંકડો ઓછો થઈ છેવટના નવ રહે છે. તે નિચેના દાખલાથી જણાશે.

૧૨૩૪૫૬૭૮૯ × ૮ + ૯ = ૯૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭૮ × ૮ + ૮ = ૯૮૭૬૫૪૩૨
૧૨૩૪૫૬૭ × ૮ + ૭ = ૯૮૭૬૫૪૩
૧૨૩૪૫૬ × ૮ + ૬ = ૯૮૭૬૫૪
૧૨૩૪૫ × ૮ + ૫ = ૯૮૭૬૫
૧૨૩૪ × ૮ + ૪ = ૯૮૭૬
૧૨૩ × ૮ + ૩ = ૯૮૭
૧૨ × ૮ + ૨ = ૯૮
૧ × ૮ + ૧ = ૯

**દાખલો ૩.**

પીસ્તાળીસમાંથી પીસ્તાલીસ બાદ કરીએ તો બાકી રહ્યા પીસ્તાળીસ !

૯૮૭૬૫૪૩૨૧ = ૪૫
૧૨૩૪૫૬૭૮૯ = ૪૫
---
૮૬૪૧૯૭૫૩૨ = ૪૫

**દાખલો ૪.**

એકથી નવ સુધીના આંકડામાં આઠ સિવાયની રકમ મુકી નવથી નવ નવ ઉમેરી ગુણવાથી અનુક્રમે નવ નવ એકડાથી નવ નવ સુધી આંકડાઓ આવશે.

૧૨૩૪૫૬૭૯ × ૯ = ૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૯ × ૧૮ = ૨૨૨૨૨૨૨૨૨
૧૨૩૪૫૬૭૯ × ૨૭ = ૩૩૩૩૩૩૩૩૩
૧૨૩૪૫૬૭૯ × ૩૬ = ૪૪૪૪૪૪૪૪૪
૧૨૩૪૫૬૭૯ × ૪૫ = ૫૫૫૫૫૫૫૫૫
૧૨૩૪૫૬૭૯ × ૫૪ = ૬૬૬૬૬૬૬૬૬
૧૨૩૪૫૬૭૯ × ૬૩ = ૭૭૭૭૭૭૭૭૭
૧૨૩૪૫૬૭૯ × ૭૨ = ૮૮૮૮૮૮૮૮૮
૧૨૩૪૫૬૭૯ × ૮૧ = ૯૯૯૯૯૯૯૯૯

**Kalyan—Baroda.**

# જૈનોની પ્રાચીન જાહોજલાલી.

કેટલાક ક્ષુલ્લક વિચાર કરનાર જૈન અને અન્ય બંધુઓના મનમાં એવી ભાવના ઉત્પન્ન થએલી છે કે જૈનધર્મ માણસને નબળા બનાવી દે છે, અને હિંદની અધોગતિનાં કારણોનો તેઓ વિચાર કરે છે તેમાં પ્રથમ દરજ્જે જૈનધર્મ તરફ તેમની દૃષ્ટિ જાય છે. આ વિચાર વાસ્તવિક છે કે ગળત છે તેનો વિચાર કરવો જરૂરનો છે, અને તેને માટે પ્રાચીન ઇતિહાસનું અવલોકન કરવાની જરૂર પડશે.

અધોગતિનો વિચાર કરતી વખતે અધોગતિના પ્રકાર કેટલા છે તે જાણવા જોઇએ. મુખ્યત્વે નીચેની બાબતોનો તેમાં સમાવેશ થઇ શકે છે.

૧ રાજ્યદ્વારી વિષય સંબંધી.
૨ વ્યાપાર ધંધા સંબંધી.
૩ નીતિ અને ધાર્મિક સંબંધી.
૪ શારીરિક સંબંધી.

આ બાબતોનો આપણે અનુક્રમથી વિચાર કરીએ.

રાજ્યદ્વારી વિષયમાં રાજા અને રાજ્યકારભાર ચલાવનારનો સમાવેશ કરી શકાય. રાજાઓ સંબંધે ઇતિહાસની દૃષ્ટિથી જોઇએ તો જૈનધર્મના મુખ્ય નેતા જેને તિર્થંકરદેવના નામથી આપણે ઓળખીએ છીએ તે તમામ ક્ષત્રીઓ હતા. રાજ્ય પેદા કરવું અને તેના અધિકારી માલીક બનવું એ ક્ષાત્રધર્મ છે. હિંદુસ્થાનમાં પ્રાચીન દૃષ્ટિએ તપાસીએ તો પ્રથમ ચાર વર્ગમાં પ્રજા વહેંચાયલી હતી. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર. જૈન સિવાયના બ્રાહ્મણને પહેલી પંક્તિએ મૂકે છે. જ્યારે જૈનો ક્ષત્રીઓને પહેલે દરજ્જે મૂકે છે. બ્રાહ્મણ એ ભિક્ષુક જ્ઞાતિ છે. તિર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ, પ્રતિવાસુદેવાદિ જેવા સમર્થ પુરૂષો ક્ષત્રીજ હોય અને તેઓનો જન્મ ક્ષત્રીકુળમાંજ થવો જોઇએ. કોઇ રાજ્યવિષયમાં, કોઇ ધર્મવિષયમાં સર્વોત્કૃષ્ટ પદિ પ્રાપ્ત કરવી એ ક્ષાત્રવૃતિ સિવાય બ્રાહ્મણ કે વણિક વીર્યથી બની શકે નહિ. ક્ષાત્ર ગુણો અને ક્ષાત્ર વૃતિના માટે જૈન શાસ્ત્રકારોએ ઘણા ઉંચા અભિપ્રાય બતાવેલા છે. ક્ષાત્ર વિચારવાળા પુરૂષોજ પોતાની વ્યવહારિક કે આત્મિક ઉન્નતિ સાધી શકે છે. એવી જૈન શાસ્ત્રકારોની દૃઢ ભાવના છે. જૈન શાસ્ત્રનો ઇતિહાસિક દૃષ્ટિથી શોધ કરનાર—તપાસ કરનારની ખાત્રી થવાને જેટલાં જોઇએ તેટલાં સાધનો મોજુદ છે. તે ઉપરથી તેમની ખાત્રી થશે કે જૈનધર્મના અનુયાયીઓમાં ક્ષાત્રત્વનો ગુણ હતો, તેઓએ જગતમાં વિજય વાવટો ફરકાવેલો હતો, જૈનધર્મના તિર્થંકરો તમામ રાજાઓ હતા. ચક્રવર્તિઓ છ ખંડને સાધીને છ દેશમાં પોતાની આજ્ઞા મનાવીને ચક્રવર્તિ પદિ ધારણ કરતા હતા. ચક્રવર્તિપણાના અંગે ૧૪ પ્રકારનાં રત્નો તેઓ પ્રાપ્ત કરતા હતા. તે રત્નો દેવાધિષ્ઠિત હોય છે, એટલે તે દરેક રત્નના રક્ષણ કરનાર મનુષ્ય નહિ પણ દેવતાઓ હોય છે. તેઓ ચક્રવર્તિના હુકમને તાબે હોય છે. જે દેશના રાજાઓ ચક્રવર્તિની આજ્ઞા કબુલ કરવાને આનાકાની કરે તેઓની સામે ચક્રવર્તિઓ યુદ્ધ કરતા હતા એટલુંજ નહિ પણ છ ખંડની અંદર કોઇ પણ રાજ્ય એવું નહિ હોવું જોઇએ કે ચક્રવર્તિથી વિરૂદ્ધ તો નહિ પણ આજ્ઞા માનતું ન હોય. ચક્રવર્તિના ચક્ર રત્નનો પ્રભાવ એવો હોય છે કે છ ખંડની અંદર કોઇ પણ આજ્ઞા માન્યા સિવાયનો

રહી ગએલ હોય, અને ચક્રવર્તિના જાણવામાં ન હોય તો પણ તે ચક્ર રત્ન દેશમાંથી ફરીને પાછું ચક્રવર્તિની આ યુદ્ધશાળામાં પેસે નહિ. તે જ્યારે ચક્રવર્તિ તેના કારણનો શોધ કરી આજ્ઞા નહિ માનનારને આજ્ઞા મનાવે તોજ ચક્ર આ યુદ્ધશાળામાં પેસે. એના દૃષ્ટાંત માટે જૈનશાસ્ત્રમાં ભરત ચક્રવર્તિ અને તેમના બંધુ બાહુબળનું દૃષ્ટાંત મોજુદ છે. છેવટમાં છેવટ ભગવંત મહાવીર સ્વામી પછી પણ ઘણા રાજાઓ જૈનધર્મી હતા. છેવટના કુમારપાળ રાજાનો ઇતિહાસ તપાસીશું તો આપણને જણાશે કે તેઓએ પોતાના રાજ્યનો વિસ્તાર કેટલા મોટા પ્રમાણમાં વધારેલો હતો. જૈનશાસ્ત્રકારોએ કોઇ ઠેકાણે એવું તેમના માટે ફરમાન કરેલું જણાતું નથી કે જૈન રાજાના ઉપર દુશ્મન ચઢાઈ કરી આવે, તે વખતે તેમણે તેમના સામે સામા તો નહિ થતાં માથુ ખંજવાળી તેમના તાબામાં પોતાનું રાજ્ય સ્વાધીન કરી દેવું. એવો ઐતિહાસીક એક પણ પુરાવો મળી આવશે નહિ. લઢાઇના અંતે હારજીત એ સ્વાભાવિક છે. જ્યારે જ્યારે બે રાજ્યો લઢે તેમાં બન્ને જીતતા નથી. એક હારે અને એક જીતે એ કુદરતનો નિયમ છે. રૂશિયા જેવું મોટું સમર્થ રાજ્ય જાપાનના હાથે હાર ખાઇ ગયું તેથી એમ માનવાનું છે કે તમનામાં ક્ષાત્રત્વનો ગુણ નહતો.

હિંદુસ્થાનમાં મુસલમાનો પ્રથમ પૃથ્વીરાજ ચૌહાણના વખતમાં આવ્યા. કનોજના રાજા સાથેના પૃથ્વીરાજના વિગ્રહનું કારણ કનોજના રાજાની રાજકન્યાનું પૃથ્વીરાજે કરેલુ હરણ છે. ગુજરાતની અંદર મુસલમાનોનો પ્રવેશ કરણઘેલાના વખતમાં થયો, તેનું કારણ કરણની વિષયવાસના અને તેના નાગર પ્રધાન માધવનું રાજ્યદ્રોહપણું, એ બે કારણો આ દેશને અધોગતિમાં લાવવાનાં કારણો છે. પછી મુસલમાનોની સાથેના આ દેશના રાજાઓને થએલા વિગ્રહ, મરાઠા અને પેશ્વાના વિગ્રહ, એ બધાનાં કારણોનો તપાસ કરીશું તો નીતિની ખામી અને કુસંપમાં દેશની થએલી પાયમાલી સિવાય બીજું કંઇ જણાતું નથી.

રાજ્યદ્વારી વિષયમાં ક્ષત્રીઓ સિવાય ઓશવાળ અને પોરવાડ તથા શ્રીમાળી જ્ઞાતિના આપણા જૈનોએ ઘણો ભાગ લીધેલો છે. પ્રાચીન ઇતિહાસથી એવા ઘણા દાખલાઓ મળી આવે તેમ છે. વિમળ મંત્રી, બાહડ મંત્રી, વસ્તુપાળ, તેજપાળ, કુમારપાળના મંત્રી આમ્રદેવ વિગેરેના ચરિત્રો વાંચવાથી આપણને શું માલુમ પડે છે? ગુજરાતના રાજા કુમારપાળે કોંકણના રાજા મલ્લિકાર્જુનના ઉપર ચઢાઇ કરવા આમ્રદેવને હુકમ કર્યો હતો, અને તે બળવાન લસ્કર લઇને ગયો હતો અને લઢાઇ કરી હતી. લઢાઇમાં આમ્રદેવે મલ્લિકાર્જુનને માર્યો હતો. ધોળકાના રાજા વિશળદેવે પોતાના સેનાપતિ તેજપાળને ગોધરાના રાજા ઉપર લશ્કર લઇ મોકલ્યો હતો, અને લઢાઇમાં પોતે જાતે ગોધરાના રાજાને કેદ કરી પોતાના રાજા પાસે લાવ્યો હતો. ઉદેપુરના રાજા પ્રતાપસિંહને આફત વખતે ભામાશાહે મદદ કરી હતી, અને ઉદેપુરનું રાજ્ય પાછું મેળવી આપવાને માટે પોતાની તમામ મિલકત રાજાના સ્વાધીન કરી હતી. એ ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે. તેમના વંશમાં હજુ પણ દિવાનગીરી ચાલે છે ને તેઓ જૈનધર્મ પાળે છે. મારવાડ અને માળવાના દેશી રાજ્યોમાં તપાસ કરવાથી પણ જણાઇ આવે છે કે રાજ્યદ્વારી વિષયમાં આપણા જૈન બંધુઓનો સારો અભ્યાસ છે.

રાજ્યદ્વારી વિષયમાં પછાત પડેલા આપણા જૈન બંધુઓએ હાલના જમાનામાં આગળ વધવાને માટે ખાસ કાળજી રાખવી જોઇએ. એ વિષયમાં આગળ વધવાને હાલનો જમાનો બહુ અનુકૂળ છે. માત્ર આગળ વધવા જેવી લાયકાત મેળવવાને માટે મહાન પરિશ્રમ કરી તે વિષયનો બારીક રીતે અભ્યાસ કરવો જોઇએ. માણસ ધારે તો શું ન કરી શકે?

દેશભક્ત ગોપાળકૃષ્ણ ગોખલેનું દૃષ્ટાંત આપણા આગળ મોજુદ છે. ગરીબ બ્રાહ્મણ માબાપને પેટે જન્મેલો બાળક પોતાના જ્ઞાનથી અને પોતાના અડગ પરિશ્રમ અને બાહુબળથી તે કેટલે દરજ્જે આગળ વધ્યા હતા એ શું આપણી દૃષ્ટિ બહાર છે. જૈનધર્મના ફરમાનોનું રહસ્ય સમજવાથી ખાત્રી થાય છે કે પોતાની શક્તિ ખીલવવાથી માણસ ઘણો વધી શકે છે. માટે જૈનધર્મે અમને નમાલા બનાવ્યા એવી વાતો મનમાંથી કાઢી નાખો, અને જ્ઞાન અને ચારિત્રમાં આગળ વધો એટલે તમે જેવા ધારશો તેવા થઇ શકશો.

વ્યાપાર ધંધાના સંબંધમાં જો વિચાર કરીએ છીએ તો જૈનના કથાનુયોગનો અભ્યાસ કરો, પૂર્વે જૈન વ્યવહારીયાઓએ દેશાંતર અને દ્વિપાંતરના પ્રવાસો કરી પોતાની અને ધર્મની ઉન્નતિ કેવી કરેલી છે. પ્રાચીન કાળમાં આપણો વર્ગ કેટલો આર્થિક સંપત્તિમાં વધેલો હતો તેના ઇતિહાસીક દાખલાઓથી આપણી ખાત્રી થાય છે. કળીકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય એક વખત પાટણમાં પધાર્યા તે વખતે કુમારપાળ રાજાએ સામૈયું કર્યું હતું તેમાં અઢારસો ક્રોડાધિપતીઓ હતા. તે સિવાય દરેક તીર્થો ઉપર પ્રાચીન જીનાલયો—માર-વાડ અને માળવામાં આવેલા જૈન મંદિરોની યાત્રા કરવાથી આપણી ખાત્રી થાય છે કે પૂર્વે આપણો જૈન વર્ગ ઘણો ધનાઢ્ય હતો. વર્તમાનમાં એક વખત લૉર્ડ કર્ઝને કહ્યું હતું કે હિંદુસ્થાનનો ⅓ વેપાર જૈનીઓના હાથમાં છે, તે વાતના આધારે આપણા જૈનો ફુલીને ફાળકા બની જાય છે, પણ વર્તમાન હિંદુસ્થાનમાં ચાલતા વેપાર અને વેપારીઓનુ અવલો-કન કરવાથી એ વચન અતિશયોક્તિ જેવું લાગે છે. વસ્તુ સ્થિતિ તેવી નથી. અંગ્રેજ પ્રજા ખોજા અને મેમણ કોમ પારસી ભાઇઓ અને લુહાણા કોમના પ્રમાણમાં વેપારમાં આપણો જૈન વર્ગ ઘણો પાછળ છે. જે પ્રજા વેપાર ધંધામાં પૂર્વે ઘણી આગળ વધેલી હતી, અને જેમણે શાસનોન્નતિનાં ઘણાં મહત્વનાં કાર્યો કરેલાં હતાં. તે પ્રજા પોતાની અજ્ઞાનતા અને પ્રમાદના લીધે પાછળ પડે ને પછી ધર્મનાં ફરમાનો પર દોષ આપે તો આગળ શી રીતે વધી શકશે. જૈન પ્રજા વેપાર ધંધામાં આગળ વધી ન્યાયપૂર્વક ધન સંપાદન કરી શકે તેને માટે ઘણો પ્રયત્ન કરવાની જરૂર છે. વેપાર ધંધાનું શિક્ષણ આપનારી શાળાઓમાં જૈન બાળકો અભ્યાસ કરી શકે તેને માટે હાલના શ્રીમંત વર્ગે ઘણો પ્રયાસ કરવાની જરૂર છે. તેઓએ પોતાના જેવી તમામ પ્રજા આગળ આવનારી થાય એવી ભાવના પોતાનામાં ઉત્પન્ન કરવી જોઇએ. અને આ કાળ આવી તેઓ આગળ શી રીતે વધે તેને માટે પોતાના દ્રવ્યનો વ્યય કરવો જોઇએ. ઉપદેશ તરંગણી નામના ગ્રંથમાં સંઘ વાત્સલ્યના અધિકારના પ્રસંગે નીચે પ્રમાણે વિવેચન કરેલું છે.

" જેણે હર્ષિત થઇને ગુરૂઓની પેઠે સાધર્મિકોનું વાત્સલ્ય કરેલું છે તેણેજ જીન પૂજા કરેલી છે. અને તેણેજ ગુરૂની ઉપાસના કરેલી છે તથા તેણેજ તત્વ જાણ્યું છે. જેમ સુરગિરિમાં જગસિંહશાહે દ્રવ્ય આપીને પોતાના ત્રણસો સાઠ સાધર્મિકોને પોતાના જેવા સાહુકારો બનાવ્યા હતા. વિગેરે "

આ ઉપરથી પૂર્વે જૈનોની જાહોજલાલી કેવી હતી, અને તેઓ કેવી ભાવનાવાળા હતા તેની આપણી ખાત્રી થાય છે. વર્તમાનમાં આપણામાં આપસઆપસમાં દ્વેષ કરી એક બીજાની ઉન્નતિ નહિ ખમી શકવાની આપણી વખોડવા જેવી રીતિનો ત્યાગ કરી પર-સ્પર સહાય આપી એક બીજાને આગળ વધવાને સગવડ કરી આપવી જોઇએ. એ ગુણ આપણી પ્રજામાં ખીલે, વૃદ્ધિ પામે તેને માટે ખાસ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

નીતિ અને ધાર્મિક વિષયમાં આપણે પૂર્વે ઘણા આગળ વધેલા હતા. જૈન ધર્મનાં મહાન્ ફરમાનો નીતિનાં પોષક છે. જીવ દયા પાળવી કોઇ પણ જીવને મનથી વચનથી કે કાયાથી વિના અપરાધે દુભવવો નહિ એ જૈન ગૃહસ્થોનું મુખ્ય લક્ષણ છે. ન્યાયથી ચાલવું અને ન્યાય વૈભવ અને ન્યાયોપાર્જીત દ્રવ્ય પેદા કરવું એ તો જૈન ધર્મનું પહેલું પગથીયું છે. એ માર્ગાનુસારીનો પહેલો ગુણ છે. સત્ય બોલવું. ચોરી કરવી નહિ કે અન્યાયનું દ્રવ્ય લેવું નહિ એટલુંજ નહિ પણ અન્યાયની કોઇ પણ વસ્તુ લેવી નાહ. ચોરને મદદ કરવી નહિ કે ચોરીનું ધન સંઘરવું નહિ, પરદારા ગમન કરવું નહિ, વેશ્યા, વિધવા કે કુમારીકાનો સંગ કદી પણ કરવો નહિ, કુવ્યસન સેવવાં નહિ, ઇત્યાદિ જૈન ગૃહસ્થાશ્રમનો સામાન્ય ગૃહસ્થ ધર્મ છે. એમ જૈન શાસ્ત્રકારોનું ફરમાન છે. અને તેમાં આપણા પૂર્વે થઇ ગએલા પૂર્વજો ઘણા આગળ વધેલા હતા. અને તેથીજ જૈન ધર્મ બીજા ધર્માનુયાયીને દ્વેષ કરવાનું કારણ થઈ પડેલો હતો. આ બાબતની ખાત્રી કરવાને માટે કથાનુયોગનો ખાસ અભ્યાસ કરવાની ભલામણ કરવામાં આવે છે. કેમકે જૈનોની ઉંચ નીતિ, રીતિ ને આચરણ સંબંધી એટલા બધા દાખલા અને ગ્રંથો છે કે જેના માટે પુસ્તકોનાં મોટાં કબાટ ભરાય. તેથી તેના નામવાર દાખલા આપી વાંચકોને કંટાળો આપવો દુરસ્ત નથી. આવી વસ્તુસ્થિતિમાં આપણી અધોગતિનું કારણ આપણો ધર્મ છે, એમ બોલનારાઓ એ જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસનો ખાસ અભ્યાસ કરવો જોઇએ એટલુંજ કહેવું બસ છે.

શારીરિક સંપત્તિમાં પણ આપણે ઘણા આગળ વધેલા હતા. જેમ જેમ શરીર સંપત્તિ સારી તેમ તેમ આત્મિક ઉન્નતિ વધારે પ્રમાણમાં થઇ શકે એમ શાસ્ત્રકારોનો મત છે, અને તેટલાજ સારૂ તદ્ભવ મોક્ષગામી જીવનું શરીર બહુ મજબુત હોવાની આવશ્યકતા દર્શાવેલી છે. સંઘયણના છ ભેદ બતાવેલા છે; સારૂ શરીર પ્રાપ્ત થવું એને પુણ્ય ઉદયનું ચિહ્ન માનેલું છે. તિર્થંકર મહારાજ, ચક્રવર્તિ વાસુદેવ પ્રતિ વાસુદેવના શારીરિકનું વર્ણન વાંચો તથા પૂર્વે થઇ ગએલા બીજા મહાપુરૂષોના શરીરોના વર્ણનનો અભ્યાસ કરો એટલે આપણી એવી ખાત્રી થાય છે કે આ વિષયમાં આપણી કોમ પછાત નહતી. જે પ્રજા પૂર્વે ધાર્મિક અને આર્થિક વિષયમાં આગળ વધેલી હતી તેમની જો શરીર સંપત્તિમાં આગળ વધેલી ન હોય તો તેમાં તે આગળ વધી શકે નહિ. મુસલમાની રાજ્ય અમલ પછી બાળલગ્ન અને નાની વયમાં ગૃહસંસાર માંડવાની જીજ્ઞાસા આપણામાં વધેલી છે, એજ આપણી શારીરિક અધોગતીનું કારણ છે. જો આપણે એ વિષયમાં બીજાઓની બરોબરી કરવી હોય બલ્કે તેમનાથી આગળ વધવું હોય તો બાળલગ્ન અને નાની વયમાં ગૃહસ્થાશ્રમ માંડવાના કુરીવાજનો ત્યાગ કરવાનો મહાન્ પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી આપણે આ દુષ્ટ રીવાજના સામા થઈ તેને નાબુદ કરીશું નહિ ત્યાં સુધી આપણી પૂર્વની જેવી જાહોજલાલી પ્રાપ્ત થઇ શકવાની નથી, કે વર્તમાનમાં બીજી પ્રજાની સાથે હરિફાઇમાં ઉતરવાના નથી કે, ટકી શકવાના નથી. વિદ્યાર્થી વર્ગ ઉપર ભણવાનો બોજો દિવસે દિવસે વધતો જાય છે. તેવા વખતમાં માબાપો પોતાના અધિકારનો દુરૂપયોગ કરી તેમને ફસાવી નાખે છે, અને તેમની આખી જીંદગીનું સત્યાનાશ વાળી નાખે છે. એક તરફથી શારીરિક ઉન્નતિને તેમનાં માબાપ અટકાવે છે, ત્યારે બીજી બાજુ યુવક વર્ગ અજ્ઞાનતા અને ખોટી નકલ અને દેખાદેખીના સંગે ચાહ તમાકુ વિગેરે દુર્વ્યસનોના ભોગ થઇ પડે છે, અને પોતાની તંદુરસ્તીનો ભોગ પોતે જાતે આપે છે! આ ખોટી ફેશનની બદી આપણામાં

એટલી બધી વધેલી છે કે નહિ પુછો વાત. સારા શહેરીમાં ખપવાને રહા તમાકુ વિગેરે વ્યસનોને પોતે ભૂષણરૂપ માને છે. અને તેના જે ખરેખરા ભક્તો તેજ સારા શહેરી, લાયક જેન્ટલમેનમાં ગણાય છે એનો પવન ફેલાવલો છે. હોટેલોમાં ખાવું પીવું એનેજ મોજ-મઝા માને છે. વડીલોએ વારસામાં આપેલી પુંજીનો તેમાં ઉપયોગ થાય છે તેથી પોતે પોતાને કૃતકૃત્ય માને છે. એક તરફથી નાની ઉંમરમાં સંસારમાં જોડાવાનું હોય અને બીજી બાજુથી દુષ્ટ વ્યસનોથી વીર્યને તપાવવાનું હોય પછી અમારી જૈન પ્રજાની શરીર-સંપત્તિ કેટલી મજબુત થાય તેનો ખાસ વિચાર કરવા જેવું છે. જૈન યુવકોનું ખાસ સંમેલન કરવામાં આવે તો સેંકડે ૧૦ ટકાની મુખમુદ્રા ભવ્ય લાગવી મુસ્કેલ છે. બાકી તો જાણે હાડપીંજર શણગારેલાં હોય એવો ભાસ થયા સિવાય રહેશે નહિ. જે પ્રજાના ઉપર ભાવિ ઉન્નતિનો આધાર છે, તે પ્રજા આવી નિઃસત્વ તે પ્રજા પોતાનું અને પોતાના બંધુઓનું શું ભલુ કરી શકશે. જેઓ સત્વહીન હોય છે, તેમને પોતાના દોષ માલુમ પડતા નથી. અને પોતાની અનવતીનાં કારણનો બીજાના ઉપર દોષારોપ કરે છે. યુવકો જાગો, દુષ્ટ વ્યસનોનો ત્યાગ કરી નિર્વ્યસની બનો અને વીર્ય રક્ષણ કરી શારીરિક યોગ્ય પરિશ્રમ કરો, જુઓ તંદુરસ્તી અને શારીરિક સંપતિમાં તમે આગળ વધો છો કે નહિ?

# क्लेश विनाशक* याने सद्‌गुणवर्धक मुद्रिका.

ઘણાં વર્ષ પૂર્વે દક્ષીણમાં કોકણુ જાતનો એક બ્રાહ્મણ નામે કૃષ્ણ ભટ્ટ કરીને રહેતો હતો. બ્રાહ્મણને કિંચિત્ત થોડો ઘણો વેદાભ્યાસ તેણે કર્યો હતો. અને ભિક્ષાવૃત્તિથી પોતાનો સંસાર નીભાવતો હતો. તોપણ તેમના પૂર્વજોનો અસલ ધંધો ખેતીવાડીનો હતો તેમાંથી પણ તેને દ્રવ્ય સંપાદન થતું હતું. વળી તેના માતામહ એક દેવસ્થાનના પૂજારી હતા તેમાંથી એને પુષ્કળ પૈસા એકઠા કરી રાખ્યા હતા. તે પૂજારીના કુટુંબના મૂળ પુરૂષે આરબ લોકો જ્યારે હિંદુસ્થાન સાથે વેપાર ખેડતા હતા ત્યારે ચાંચીયા લોકો સાથે પોતાનો ભાગ રાખ્યો હતો અને તે સમયથી તેઓની પાસે અખૂટ દ્રવ્ય હતું. પણ દૈવયોગે કૃષ્ણભટ્ટના માતામહને પુત્રી સિવાય કાંઇ સંતાન નહોતું. તેથી આ સઘળું દ્રવ્ય કૃષ્ણભટ્ટને વારસામાં મળ્યું. આ દ્રવ્ય સાથે એક અપૂર્વ મુદ્રિકા હતી, જેની સરખામણી કોઈ સાથે થઇ શકતી નહોતી. તેની કારીગરી અપ્રતિમ હતી, અને તેની કીમત પણ ઘણી હતી. આજપર્યંત પૂજારી કુટુંબના વંશજો વચ્ચે એ સંબંધી તકરાર થએલી નહોતી, અને તકરાર થવા જેવો પ્રસંગ પણ આવ્યો નહોતો. પણ કૃષ્ણભટ્ટને ત્રણ પુત્ર હતા. તેઓ અનુક્રમે વિનાયક, દિનકર અને શ્રીનિવાસ-અથવા વિનુ-દિનુ અને શ્રીનુ નામે ઓળખાતા હતા, અને કૃષ્ણભટ્ટના મૃત્યુપર્યંત તે સંપત્તિના ત્રણ ભાગ પાડવાની આવશ્યકતા હતી. બીજી બધી સંપત્તિના ત્રણ ભાગ થઇ શકે. પણ તે મહામૂલી અને અપૂર્વ કારીગરીવાળી મુદ્રિકાની વહેંચણી થઇ શકે તેમ નહોતું. તેથી તે ત્રણે પુત્રોમાંના દરેક જણ કહેતા કે "તે મુદ્રિકા અમને મળવી જોઇએ. કદાચ જો તે મને નહિ મળે તો યાદ રાખજો કે તમારૂં ખૂન કરી એ મુદ્રિકા હું મેળવીશ." ત્રણે જણા દુર્ગુણી, દગાબાજ, પ્રપંચી, દુરાચારી, અને અતિઅભિમાન હતા, અને કૃષ્ણભટ્ટને ખરેખર

* એક મરાઠી પત્ર ઉપરથી.

ભીતિ હતી કે મ્હારી પાછળ પુષ્કળ ખૂનરેજી થશે. પોતાથી બને તેટલો તેમને ઉપદેશ દીધો. દુષ્ટ સંગત છોડી સન્માર્ગે ચાલવા તેઓને કહ્યું. પુષ્કળ સમજાવ્યા પણ તે સઘળું વ્યર્થ. દરેક પોતાનેજ તે મુદ્રિકા મળે તેમ કહેવા લાગ્યા. આથી લાચાર બની કૃષ્ણભટે એક યુક્તિ શોધી કાઢી.

પોતાની પહેલી મુદ્રિકા પ્રમાણે તેણે બીજી બે મુદ્રિકાઓ બનાવરાવી, અને આ બે નવીન મુદ્રિકા પહેલાની મુદ્રિકા જેવી આબેહુબ બનાવેલી હતી, અને તેમાં એટલું તો સરખાપણું હતું કે પોતાની જુની મુદ્રિકા કઈ અને નવીન બનાવરાવેલી કઇ તે ખૂદ કૃષ્ણભટ્ટ પોતે પણ ઓળખી શક્યો નહિ. જ્યાં આવું આબેહુબ મળતાપણું હોય અને માલીક જાતે જ ઓળખી શકતો ન હોય તો બીજા માણસની શું તાકાદ કે તે મુદ્રિકાઓ ઓળખી શકે ? પછી એક દિવસ કૃષ્ણભટે પોતાના ત્રણે પુત્રોને પોતાની પાસે બોલાવરાવી કહ્યું કે, " પ્રિય પુત્રો ! મ્હારી વૃદ્ધાવસ્થા નજીક આવતી જાય છે, અને હવે મ્હારૂં મૃત્યુ ક્યારે થશે તે જાણી શકાય તેમ નથી, તેથી મ્હારી સ્થાવર જંગમ મિલ્કતના હું ત્રણ ભાગ પાડી તમોને વહેંચી આપવા માગું છું. "

આ સાંભળીને ત્રણે પુત્રો આનંદિત થયાં, પણ વિચાર થતાં પાછા બોલ્યા કે " એ તો ઠીક, પણ પેલી મુદ્રિકા કોને આપશો ? "

કૃષ્ણભટ્ટ મુદ્રિકા કોને આપવી તેનો મેં પૂર્ણ વિચાર કર્યો છે. તે સિવાય બાકીની મિલ્કતનો હું ફડચો કરૂં છું તે તમારે માન્ય છે કે કેમ તે મને જણાવો. મ્હારી ખેતીવાડીના ત્રણ સરખા ભાગ પાડું છું, અને તમો પ્રત્યેક જણને એકેક ભાગ આપું છું.

ત્રણે જણે કહ્યું: " તે અમારે કબૂલ છે. "

કૃષ્ણભટ્ટ—વળી મ્હારા આ ઘરના પણ ત્રણ સરખા ભાગ પાડ્યા છે, અને દરેક જણને એકેક ભાગ હું આપું છું.

ત્રણે પુત્રો—કબૂલ—પણ મુદ્રિકાનું શું કર્યું તે જણાવો.

કૃષ્ણભટ્ટ—સાંભળો. જરા ધીરજ રાખો. તમો ત્રણે જણા આજપર્યંત દુર્વર્તની રહ્યા છો. તમને મેં અત્યાર સુધી અનેક શિખામણો આપી, અનેક બોધ આપ્યા તો પણ તમો સુધર્યા નહિ. તમારામાંના બે જણા તો ઘણાજ બદમાસ છે. એક જણ બિચારો નિખાલસ ખવાસનો અને ભલો છે, પણ તે બીજા બેની સંગતમાં એવો બગડી ગયો છે કે જો થોડા વખતમાં પોતાના જાત અને સ્વભાવને સુધારે નહિ તો બીજા બે કરતાં પણ ઘણો ખરાબ નીવડે. અને બીજા બેની સોબત છોડી સદ્‌પંથે વળે તો ખરેખર તે પૂજનીય થાય. આ પ્રમાણે બને ત્યારેજ તે મ્હારી મુદ્રિકા લેવાને સારૂં લાયક થાય. એવી લાયકી જ્યાં સુધી તેનામાં આવે નહિ ત્યાં સુધી હું મ્હારી મુદ્રિકા કોઇને આપનાર નથી.

આ શબ્દોથી ત્રણે જણા ગુંચવણમાં પડી ગયા, અને પોતાનામાંથી એવો કોણ છે તે જાણવાને ઘણાજ ઉત્સુક બની બોલ્યા: પણ પિતાજી ! તે કોણ ?

કૃષ્ણભટ્ટ—તે કોણ તેનો હું અત્યારે કહેનાર નથી. કારણ કે બીજા બે જણા તેના ઉપર અદેખાઇ અને ઇર્ષા કરો, અને મને શું ખબર કે તમે તેનું ખૂન પણ ન કરો. મ્હારો જે લાયક પુત્ર છે ત્હેને તો હું ગુપ્ત રીતે મ્હારી તે મુદ્રિકા આપવાનો છું.

આથી વિનાયક બોલ્યોઃ "પિતાજી! બધામાં હુંજ લાયક છું. મને મુદ્રિકા આપો."

દિનકર બોલ્યોઃ "અરે તું શાનો લાયક? તે દિવસે તેં પેલા કુતરાને લાકડી મારી મારી નાંખ્યો હતો. તું તો ક્રૂર છું. પિતાજી! મ્હને મુદ્રિકા આપો."

શ્રીનિવાસ કહેઃ "પિતાજી, આઠ દિવસ ઉપરજ વિનાયક અને દિનકરે આપણા પડોશી ગંગાદાસ બુકસેલરને ત્યાંથી ચોપડીઓ ચોરી હતી. તેઓ બન્ને જણા બદમાસ છે. હુંજ લાયક છું. મ્હને તે મુદ્રિકા આપો."

આ પ્રમાણે વિનુ, દિનુ અને શિનુ એક બીજાની ખોદણીઓ કરતા હતા, એક બીજાના દુર્ગુણો દૃશ્ય કરતા હતા, ચઢાઉતરી કરતાં કરતાં છેવટે ગાળાગાળી અને અસભ્ય વચનોએ આવ્યા. લઢયા–ઝઘડયા, મહા મહેનતે છૂટા પડયા. વિનુએ દિનુને મુક્કો માર્યો, દિનુએ શિનુનો હાથ ભાગ્યો. શિનુએ વિનુને પછાડયો. ત્રણે જણ એક બીજાને સારી રીતે મુષ્ટી પ્રહાર, મુષ્ટીમોદક જમાડયો. અન્તે કૃષ્ણભટ્ટ બોલ્યાઃ "તમે ત્રણે જણા મહા બદમાસ છો, અને તમારી બદમાસ બહાદુરીનો આ પ્રત્યક્ષ પૂરાવો છે. તમારા ત્રણમાંથી એક પણ મ્હારી મુદ્રિકાને લાયક નથી, તોપણ મ્હારી ખાતરી છે કે તમારા ત્રણમાંથી એક જણ ખરેખર નિખાલસ હૃદયનો, પણ બીજા એની સંગતથીજ બગડેલો છે, અને જો સંગત ત્યજે તોજ સુધરે. સુધર્યા પછી જે પ્રથમ માગણી કરશે તેનેજ મુદ્રિકા પ્રાપ્ત થશે, જે લાયક પુત્ર થશે ને બીજાની દૃષ્ટિએ પણ લાયકજ માલમ પડશે. અને તેમ થાય તે વાસ્તે હું એક યુક્તિ યોજુ છું."

ત્રણે સાથે બોલી ઉઠયાઃ "તે શું? પિતાજી?"

કૃષ્ણભટ્ટ કહેઃ "જે પુત્ર લાયક જણાય તેનો મ્હારી મુદ્રિકા ઉપર સંપુર્ણ હક્ક થાય તેટલા માટે હું એક શરત કરૂં છું કે મ્હારા મરણ સુધી તમે બધા સદાચાર અને પ્રમાણિકપણે અંગમહેનતથી પોતાના ગમે તે અંગત ધંધામાં પાંચસેં પાંચસેં રૂપીયા મેળવી લાવો. જે આ પ્રમાણે પાંચસેં રૂપીયા રળી લાવશે તેને મ્હારી મુદ્રિકાનો માલીક હું ઠરાવું છું. બાકીનાને તે મુદ્રિકા મળશે નહિ, અને જો પછી ટંટો ફીસાદ કરશે તો કામ નહિ આવે. આ પ્રમાણે તમારે ત્રણે જણને કબુલ છે?"

ત્રણે એકી અવાજે બોલ્યાઃ "અમારા સદાચારથી પાંચસેં રૂપીયા મેળવવા તે તો ઘણુંજ સહેલ છે. ચાલો હમારે તે કબુલ છે."

ત્યારે કૃષ્ણભટ્ટ બોલ્યાઃ "તમે ત્રણ જણ કહો છો કે સહેલાઇથી પાંચસેં રૂપીયા રળી લાવીશું. પરંતુ તમારા ત્રણે પૈકી એકજ જણ સદાચારથી પાંચસેં રૂપીયા રળી લાવશે એવી મ્હારી ખાત્રી છે. બાકીના એનું બોલવું તદ્દન જુઠું છે."

પિતાજીની શરત બધાએ કબુલ કરી અને બે ચાર પ્રતિષ્ઠિત ગૃહસ્થો જેઓને પ્રથમથીજ બોલાવવામાં આવ્યા હતા તેઓની આ શરતમાં સાક્ષી રાખી. આ શરત બધા પાળે તે વાસ્તે ત્યાંના પૂજનિય ગણાતા મંદિરમાં ત્રણે જણાને સપથ લેવરાવ્યા. ત્યાર પછી કૃષ્ણભટ્ટ ત્રણ પુત્રોને પોતાની શુશ્રૂષા કરવાને જુદાં જુદાં કાર્યો સોંપી દીધાં, ત્રણે જણાએ પિતાની આજ્ઞા માન્ય કરી અને સ્વકાર્યમાં તત્પર થયા.

આ પ્રમાણે દરરોજ કાર્યક્રમ ચાલે છે તેવામાં એક દિવસ કૃષ્ણભટ્ટે પોતાના પહેલા પુત્ર વિનાયકને કહ્યું: "વિનુ, બેટા તું મ્હારો લાડકવાયો પુત્ર છું, અને નિખાલસ હૃદયનો

તુંજ છું. ત્હને સારી સભ્યસંગતિની જરૂર છે. તું સદાચારથી અને પ્રમાણિકપણાથી રૂપીયા મેળવી શકીશ. મ્હારી મુદ્રિકાનો તુંજ લાયક માલીક થઈશ એવી મ્હારી ખાત્રી થાય છે, તેથી આ મુદ્રિકા હું ત્હને આપું છું, પણ એ બાબતની ત્હારા ભાઈઓમાંના એકેને માહીતી આપીશ નહિ." એવું કહીને એક મુદ્રિકા કૃષ્ણભટે વિનાયકને આપી.

મુદ્રિકા મળવાથી વિનાયકને કેટલો આનંદ થયો તેનું વર્ણન અત્રે યથાસ્થિત થઇ શકતું નથી. બાપાએ મ્હને લાયક ગણી મુદ્રિકા આપી એવું જાણીને અત્યંત આનંદ થયો. આજપર્યંત સારી સંગતના અભાવેજ હું બગડેલો હતો એવી ત્હેના મનને ખાત્રી થઈ અને હવે પછી શુદ્ધ વર્તન રાખી આપણું–પ્રમાણિકપણું–આપણો સદાચાર–ખરેખર બતાવી આ મુદ્રિકાનો હક્કદાર થઉં એવો તેણે મનમાં નિશ્ચય કર્યો.

બીજી વખત લાગ જોઈ કૃષ્ણભટે દિનકરને કહ્યું: "દિનુ બેટા, તું મ્હારો સર્વથી સારો અને આજ્ઞાધિન પુત્ર છું. ખરેખર તું ભોળા દીલનો પણ સંગતીને લઇનેજ બગડેલો છું, પરંતુ જો મનથી ધારે તો ઘણો સુધરે તેવો છું, અને પ્રમાણિકપણાથી શરત પ્રમાણે પાંચસેં રૂપીયા સંપાદાન કરી શકીશ. વળી તુંજ મ્હારી મુદ્રિકાનો હક્કદાર થવાનો છું. માટે પ્રિય પુત્ર આ મુદ્રિકા તું લે, પણ ત્હારા ભાઇને કંઇ વાત જણાવતો નહિ." આ પ્રમાણે કહી તેને પણ એક મુદ્રિકા આપી. મુદ્રિકા જોતાંજ તે તો ગાંડો ઘેલો થઈ ગયો. મનમાં સંકલ્પ–વિકલ્પ કરવા લાગ્યો કે પિતાજીએ મને ખરેખર લાયક ગણ્યો છે. હું સોબતથી બગડયો છું તો પણ પ્રયત્ન કરી સદાચરણી થઈશ અને પ્રમાણિકપણાથી શરત પ્રમાણે રૂપીઆ મેળવીશ, વિગેરે નિશ્ચય કરી એ પણ આનંદમાં ફરવા લાગ્યો.

ત્રીજી વખત શિનુને પણ એજ પ્રમાણે એક મુદ્રિકા મળી અને તે પણ તેવાજ વિચારોમાં નિમગ્ન થઈ મહાલવા લાગ્યો. આ પ્રમાણે ત્રણે પુત્રોને એકેક મુદ્રિકા આપી. ત્રણે જણા સદ્વર્તનથી પોતાનો હક્ક તે મુદ્રિકા ઉપર સાબીત કરવા પ્રયત્ન કરવા લાગ્યા. એવામાં ચાર છ દિવસ પછી વૃદ્ધ કૃષ્ણભટ્ટ મરણ પામ્યા. તેમની તેર દિવસ ક્રિયાઓ ચાલી. પછી ત્રણે ભાઇઓએ વિચાર કરી પોતાના ભાગના પાંચસેં પાંચસેં રૂપિયા પ્રમાણિકપણે કેમ મેળવવા તેના વિચારમાં ગુંથાયા.

વિનાયકે પોતાના એક દોસ્તદાર મારફતે એક દેશી રજવાડામાં નોકરી લીધી.

દિનકરે પોતાની જુદી દુકાન કાઢી, અને શ્રીનિવાસે પોતાના પિતાની ખેતી સંભાળી. ત્રણે જણાએ પોતપોતાના ધંધામાં વર્ષ સુધીમાં સારી નામના મેળવી. વિનાયક રજવાડામાં સારી રીતે પોસાયો. હલકેથી ઉંચે દરજ્જે ચઢયો, પગાર વધ્યો, રાજાજીની તેના ઉપર મહેરબાની થઈ. પોતાનો ખાનગી સલાહકાર બનાવ્યો, અને પ્રમાણિકપણાથી વર્ષમાં પાંચસેંને બદલે સારા પૈસા કમાયો.

દિનકર દુકાનમાં સારો જામ્યો. ઘરાકી ઘણી વધી ગઇ. સૌ તેને ચાહવા લાગ્યાં. શરાફોમાં તેની શાખ સારી બંધાઇ. પ્રમાણિકપણાથી ધંધો કરતો હોવાથી સૌ કોઇ તેની વાહવાહ બોલવા લાગ્યાં.

શ્રીનિવાસ પણ ખેતીના ધંધામાં પોતાના ગજા પ્રમાણે કમાયો અને સૌ કોઇનો પ્રેમ તેણે મેળવ્યો. આ પ્રમાણે ત્રણે જણા પિતાજીના શ્રાદ્ધ વખતે એકઠા મળ્યા. ત્રણે પોતાના વખાણ કરવા લાગ્યા પોતે પ્રમાણિકપણે પાંચસેં પાંચસેં રૂપિયા કમાયા છે અને હવે તેઓ

મુદ્રિકાના માલીક છે એમ સાબીત કરતા હતા. ત્રણે જણા સાથે જમવા બેઠા ત્યારે વિનાયકે કહ્યું: "પિતાજીએ મ્હને લાયક કરાવી એક મુદ્રિકા આપી છે. મ્હેં જાત મહેનતથી, સદાચાર અને સદ્વર્તનથી પૈસા પ્રાપ્ત કર્યા છે. જો આ શ્રાદ્ધ સમય ન હોત તો ખરેખર મ્હારે રજવાડામાંથી અત્રે આવવા વિચારજ નહોતો. મ્હારે વડિલોપાર્જીત દ્રવ્યની જરૂર નથી. હું મ્હારો હકક તે ઉપરથી ઉઠાવી લઉં છું."

આ સાંભળી દિનકર અને શ્રીનિવાસ પણ પોતાને એકેકી મુદ્રિકા મળી હતી તેનો હેવાલ જણાવતા હતા અને પોતાની ઇચ્છા પણ બાપીકી મીલ્કત ત્યજી દેવા થઇ હતી તે જણાવ્યું. બાપાની યુક્તિથી આપણે ત્રણે જણા સુખી થયા. પ્રમાણિકપણે અને સદાચારથી વર્તવા લાગ્યા. લાયકાત પ્રમાણે યોગ્ય દ્રવ્ય સંપાદન કર્યું છે અને હજુ પણ વધારે દ્રવ્ય સંપાદન કરીશું એવું સઘળાને લાગ્યું.

આથી તેઓએ કૃષ્ણભટ્ટનું શ્રાદ્ધ બડી ધામધુમથી અને મ્હોટી ભક્તિથી કર્યું. એક બીજાનો બંધુપ્રેમ—ભ્રાતૃપ્રેમ સંપૂર્ણ પ્રકટી નીકળ્યો. પોતાની બધી જંગમ મીલ્કત નાના ભાઇ શ્રીનિવાસને સોંપી પોતપોતાના ધંધે લાગ્યા. વીસ વર્ષમાં તો વિનાયક રજવાડામાં મહાન્ પુરૂષ ગણાવા લાગ્યો. રાજાજી ખુદ પોતે પણ તેને પુછ્યા સિવાય અન્ન જળ પણ લેતા નહિ. તે સમયમાં તેણે યથાશક્તિ દ્રવ્ય મેળવ્યું. દિનકર મહાન્ વેપારી થયો. વેપારમાં લાખો રૂપીયાની ઉથલપાથલ કરવા લાગ્યો. બે પૈસા સંપાદન કર્યા. શ્રીનિવાસ પણ ખેતીમાં ઠીક ફાવ્યો. આ પ્રમાણે ત્રણે ભાઇઓ સુખી થયા. માત્ર દુઃખ જો ત્રણના અંતઃકરણમાં લાગતું હોય તો એટલુંજ લાગતું કે પિતાજીની હયાતીમાં તેમની તીર્થરૂપ સેવા કરવા તેઓ ભાગ્યશાળી નીવડ્યા નહિ. પિતાના ઉપદેશથી જેને માટે તેઓ પરસ્પર ખૂન કરવા તત્પર થયા હતા તેજ વસ્તુને તેઓ પૂજવા લાગ્યા. પિતાએ પોતાની ફરજ મૃત્યુ પર્યંત પણ અદા કરવા ચૂક્યા નહિ અને પોતે પોતાની પિતૃભક્તિમાંથી વિમુખ થયા જાણી અત્યંત દીલગીર થયા પણ અન્તે તેમનાજ વચનામૃતનો લાભ સૌને મળ્યો જાણી સંતોષ પામ્યા.

વાંચક ! કદાચ વાર્તા સૌ કોઇને કલ્પીત લાગશે તો પણ તેમાંથી કોઇ સદ્ગુણ ગ્રહણ કરનાર મળશે તો મ્હારો શ્રમ સફળ થયો ગણી ઉપકૃત થઇશ. અસ્તુ. 'કેશરી.'

# विचारणा.

પ્રિય વાંચકગણ ! આ વિષય પરત્વે બોલતાં મારે જાહેર કરવું જોઇએ કે હું આની અંદર જે બીનાનું વિસ્તીર્ણ વર્ણન કરૂં છું તે ફક્ત જીવને શિખામણની ભાવનાઓ જે ચિત્તને ધ્યાનમહી જોડીને દરરોજ મનુષ્યને કરવાની આવશ્યકતા છે. જેથી આ મનુષ્ય ભવનું સાર્થક થાય છે. જે મનુષ્ય ભવની વાંચ્છના દેવાદિગણ પણ ઇચ્છે છે, જે મનુષ્ય ભવ પામીને પ્રયત્ન કરવાથી મોક્ષને પ્રાપ્ત કરી આપે છે, જે મનુષ્ય ભવને દશ દ્રષ્ટાંતે તિર્થંકરોએ પણ દુર્લભ બાખેલ છે, તે મનુષ્ય ભવ પામીને જે મનુષ્ય પોતાના જીવનનું સાર્થક કરતો નથી તે અનંત સંસાર રખડે છે. જો તેવા મનુષ્યને મૂર્ખ કહેવામાં આવે તો તેમાં કંઇ અતિશયોક્તિ થતી નથી. જીવ કર્મનો સંબંધી અને તે ઉપરની વિચારણા મનની ધ્યાનમગ્ન

સ્થિતિમાં ભાવવા યોગ્ય છે. વિચારણા અનંત આનંદમય સ્થિતિનું ભાન કરાવે છે કે જેથી શાંતિ પ્રાપ્ત થાય છે. ભય, ક્રોધાદિ દુર્ગુણો પર વિજય મેળવી શકાય છે, અને તેથી આગળ વધતાં પૂર્ણ ધ્યાનમગ્ન સ્થિતિથી મોક્ષપર્યંતનું સુખ મેળવી શકાય છે. તેવા કાર્ય પ્રતિ કયો મૂર્ખ મનુષ્ય અભાવ દેખાડવા પ્રયત્ન કરશે! તો હે ભવ્ય પ્રાણી! તમો પણ તેવા વિષયને ગ્રહણ કરી, ગમે તેવા કાર્યમાંથી નિવૃત્તિ મેળવી દરરોજ બએ ઘડી, નીચેની વિચારણામાં પ્રવેશ કરો. જેથી અનંત લાભ થવાનો સંભવ છે. પ્રિય બંધુઓ! કદાપિ તમોને વ્યવહાર કાર્યમાંથી નિવૃત્તિ ન મળતી હોય તો એવો નિયમ રાખો કે દરરોજ સુતાં પહેલાં અવશ્ય રીતે નીચેની ભાવનાઓનું ધ્યાન ધરવુંજ જોઇએ. હે ભવ્ય પ્રાણીઓ! હે મોક્ષાભિલાષી વાંચકગણ! પ્રિય બંધુઓ અને ભગિનીઓ! ખરા અંતઃકરણથી ઉદાસભાવે નીચે પ્રમાણે ચિંતવન કરવાનું આજથી શરૂ કરો. ધર્મમાં મન આરૂઢ કરો, અને અનંત સુખ, શાંતિ આદિનો અનુભવ લો.

હે ચેતન! અનાદિકાળથી રઝળતો આ મનુષ્ય ભવ પામી તુ શું કમાયો. ધન, દોલત, દીકરા, દીકરીઓ, માતાપિતા એ સર્વે સંસારનાંજ સંબંધી છે. પક્ષીના મેળા પેઠે આજ મળી કાલે ઉડી જશે; તેમાંનાં કોઇ પણ તારી સાથે આવવાનું નથી. જો અને વિચાર કર કે તારા બરોબરના તારા ભાઇબંધ તેમ મોટા રાજા-રાણા શેઠ-શાહુકાર કે જેમણે લાખો રૂપિયાની દોલત જે મહા મહેનતે પેદા કરેલી તે સર્વ અહીંનું અહીંજ છોડી ચાલી ગયા, કંઇ પણ સાથે લઇ ગયા નહિ. તેમજ વળી તારી નજરેજ જો કે જે ચાર ઘોડાની બગીમાં બેસનાર, હીરા મોતીના પહેરનાર હતા તે હાલ તુ કંગાલ સરખા દેખે છે. તેથી વિચાર કે તન, ધન, જોબન સંબંધી આદિ કોઇ કોઇનું નથી. તારૂં સુખ શામાં છે તે તુ શોધ. જે વારે કોઇ અન્ય સંબંધી વા કોઇ મોટો શેઠ જુવાન વયે પોતાના સંબંધીને પાછળ રડતાં મૂકી તેમજ પોતાની ધન દોલત છોડી આ દેહથી જુદો પડી જાય છે ત્યારે તારા મનમાં આ સંસાર ઉપર વૈરાગ્યભાવના થઇ આવે છે, પણ સ્મશાન વૈરાગ્યની પેઠે પાછો તું ઘર પાછો ફરે છે કે તરતજ મન પાછું સંસારના અસાર સુખમાં લુબ્ધ થઇ જાય છે, અને વૈરાગ્યભાવના તે વખતે તારા હૃદયમાંથી ક્યાં નાશી જાય છે? તેમજ વળી જ્યારે તું કોઇ મહંત પુરૂષોનાં ચરિત્ર સાંભળું છું અને તેઓ ઉપર પડેલા દુઃખની જ્યારે વાતો સાંભળું છું ત્યારે તારૂં મન વૈરાગ્યમાં જોડાય છે અને તુ વિચારે છે કે સંસારમાં કંઇજ સાર નથી, અને એવા વિચારથી ધર્મસાધન કરવા મનમાં નિશ્ચય કરે છે. પણ અરે મૂર્ખ! તું તે વિચાર પાછો ક્યાં તજી દે છે? અને ફરીથી માયા રૂપી જાળમાં પાછો જોડાય છે. ચેત નહિ તો મહા દારૂણ દુઃખમાં અને અનંત યોનીઓમાં રખડયાં કરીશ. તેમજ તારે નરકાદિનાં દુઃખો પણ સહેવાં પડશે, તેમાં તું વિચાર કેમ કરતો નથી અને માયામાં લુબ્ધ થઇ રહ્યો છે. કારણ કે નરકના જીવોને એક સમય પણ સાતા હોતી નથી. વળી તેઓ મહા દારૂણ અગ્નિના પ્રહાર સહન કર્યા કરે છે. વળી તે જીવોને લવણ સમુદ્રના પાણી જેટલી તો તૃષા હોય છે. વળી તે જીવોને આખા જંબુદ્વીપનું ધાન ખાઇ જવા જેટલી તો ભૂખ હોય છે તેમજ તલવાર લઇને શરીર ઉઝરડે તેટલી તો ખરજ હોય છે તો તું વિચાર કે તારે આવું દારૂણ દુઃખ કયાં સુધી સહ્યાં કરવું છે તેથી એ દુઃખથી બ્હીતો હોય તો સમકિતની શોધ કર અને આ અનિત્ય સુખ ઉપરથી ભાવ ઉતારી નાખ.

ધન, સ્ત્રી, પુત્ર, તને સુખ દઇ શકનાર નથી. અને પશ્ચાત્કારમાં તો તને યમના દૂતો આવી ઉપાડી ચાલતા થશે. તે વખતે ધર્મ શિવાય અન્ય કંઇ પણ તારી સાથે રહેવાનું નથી. ત્યારે ચેતન! ચેત અને ધર્મનું આરાધન કર. ફરીથી આ મનુષ્ય ભવ મળવો દુર્લભ છે. પાણી વલોવી તેમજ રેતી દળી કંઈ માખણ કે તેલ નીકળી શકતું નથી, તેમજ આ સંસારમાં લુબ્ધ થઇ રહેવાથી કંઇ અનંત સુખ પામી શકાય નહિ પણ તેમ કરવાથી તો દુઃખજ આવી પડે છે. વિચાર તો કર કે તારી નજરે મોટા રાજા રાણા તેમજ શેઠ સાહુકારો પોતાનું ધન, દોલત, મોટા મોટા મહાલયો વિગેરે અહીંનું અહીં મુકી ચાલ્યા ગયા તે કંઇ સાથે લઇ ગયા નહિ તેમજ તારી સાથે પણ કંઇજ આવનાર નથી.

હે ચેતન! તને ધિક્કાર છે કે આ બધું અનિત્ય છે એમ તું જાણતાં છતાં પણ સંસારની માયામાંથી ઓસરતો નથી. તેમજ શા ફાયદાથી તું સંસારમાં પડી રહે છે. કદાપિ તું જો રાજનો ધણી હોત કે કોટી ધનપતિ હોત તો તું વૈરાગ્ય પાળવાને પ્રયત્નજ શાને કરત કારણ કે જ્યારે આમાટીનું ઘર અને હાડ માંસથી ભરેલ શરીર તેમાં તને આટલો બધો મોહ લાગ્યો છે. આ શું તારી મૂર્ખાઈ નથી? તું તે બોજ મૂકી દઇ ધર્મનું આરાધન કર. હે ચેતન! આ જન્મથી તે આજની ઉમ્મર સુધી તહેં શું શું સુકૃત્ય કર્યાં તેનો વિચાર કર? ફક્ત આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંજ કાળને નિર્ગમન કર્યો. ફોગટ વખતનો ગેરઉપયોગ કર્યો અને કાળ તો તારી પાછળ હમેશાં ફર્યાજ કરે છે તને તે ઓચિંતો ઝાલશે તો તે વખતે તારો એક પણ આરો નથી. માટે જેમ બને તેમ સમકિતને પ્રાપ્ત કર. તેમ છતાં કદાપિ જો ખરી વસ્તુ શોધતાંજ કાળ તને પોતાના ઝપાટામાં લે તો ફિકર નહિ કારણ કે તે વસ્તુના અભિલાષે કરી આગળ ઉપર બીજા જન્મમાં પણ તે વસ્તુ પ્રાપ્ત થાય છે. વિચાર કર કે અનંતાભવ તું ફરી ચૂકેલો તથાપિ તારો અંત આવ્યો નહિ. માટે જે વારે સમકિત પામશે તે વારે પરિભ્રમણ કરવું મટશે. ગમે તો આજ કે ગમે તો કાલ પણ જ્યારે સમકિત પામશે ત્યારેજ દુઃખનો અંત આવશે. તો હે મૂઢ! ચેત. આયુષ્ય તો ચંચળ છે તે પુરૂં થતાં વાર લાગતી નથી. રાત થોડી ને વેશ ઘણા, જીવવાનું થોડું ને અભિલાષા ઘણી એ કાચા ઘડાને ફુટતાં વાર લાગતી નથી તેમજ આ કાચી કાયાનો ભરૂંસો નથી માટે ચેત અને ધર્મનું આરાધન કર, નહિતર અનંત યોનિમાં રખડવું પડશે.

હે ચેતન! આ સંસાર સમુદ્રમાં તું બુડેલો છે તેને કાઢવા તારા પોતાના પ્રયત્ન વિના, તારા પોતાના આત્માના સ્વાભાવિક ગુણો વિના બીજું કોઇ સમર્થ નથી અને જો અણચિંત્યા જમના દૂતો તને આવી પકડી જશે તો તે વારે તારૂં કોઈ રક્ષણ કરનાર નથી. માતા, પિતા, સ્ત્રી, પુત્ર, પુત્રી આદિ કોઇ તને છોડવવા સમર્થ નથી માટે જે વસ્તુથી ચાર ગતિમાં તારે ભમવું મટે તે વસ્તુ પેદા કરવાને પ્રયત્ન કર.

હે મૂર્ખ! વિચાર તો કર કે તેં કેવું સુખ નથી ભોગવ્યું. દેવતાનાં સુખ તો નવ ગ્રૈવેક સુધી ભોગવી ચૂક્યો. રાજ્ય ભોગવી ચૂક્યો. મોટા કોટીધ્વજની પદવી ભોગવી ચૂક્યો ને એમ કરતાં અનંતી યોનિઓમાં અનંત કાળ રખડયો અને જો તું અક્ષય સુખ પામ્યો હોત તો તને જન્મ મરણનો ભય રહેત નહિ. માટે ધર્મનું આરાધન કર, ધર્મનું આરાધન કરતાં શા માટે અટકે છે કારણ કે વિચાર તો કર કે ચક્રવર્તિ જેવા છ ખંડાધિપતિ પણ અક્ષય સુખ મેળવવા ચરિત્ર રૂપી રત્નને અંગીકાર કરે છે તો હે મૂર્ખ! તારી શિ ગ[illegible]

કંઇ હિસાબમાંજ નથી તે પણ તારાથી નથી છુટતી; માટે ચેત નહિ તો મનુષ્ય ભવ ગયો કે પછી હાથ ઘસતો રહીશ. હે મૂઢ! વિચાર તો કર કે જે વારે તને કોઈ રોગ વેદના સહેવી પડે છે, તે વારે તેને સહેવા કોઈ તારો સાથી થતો નથી; પણ તારેજ સહેવી પડે છે, ને તું એકલોજ તેને વાસ્તે બુમ પાડયાં કરે છે. તે સમસ્ત પરિવાર તારા સામું જોઇ રહે છે. તો હે મૂર્ખ! બધાના સંબંધમાં શું રાચીમાચી રહેલો છે, પણ વિચાર કે ધર્મકરણીજ તારી સાથે આવે છે માટે સમકિત મેળવી ધર્મનું આરાધન કર. હે ચેતન! જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ વિના તારી બીજી કોઇ વસ્તુ છેજ નહિ. એમ નક્કી માન. હે ચેતન! તું તો અક્રોધી, અમાની, અલોભી, અનંત જ્ઞાનદર્શન, ચારિત્ર તપના બળમય છે ત્યારે તું કર્મના ફંદામાં કેમ ફસે છે તે કર્મના પડદાને દૂર હઠાવી તારા આત્માના મૂળ ગુણનું ધ્યાન ધર, અને તારા મૂળ રૂપે પ્રગટ થા. જ્યાં સુધી તું આ ક્રોધ, માન, માયા, લોભ આદિ દુર્ગુણોથી છુટશે નહિ ત્યાં સુધી તને તે મોક્ષ ઉરચ આવવા દેનાર નથી. માટે ચેત, કારણ ફરી ફરી આવો ઉત્તમ જન્મ, ઉત્તમ કુળ આદિ મેળવવું ઘણુંજ દુર્લભ છે. તો હે ચેતન! તૃષ્ણાનો ત્યાગ કરી ધર્મકરણીમાં પ્રવૃત્તમાન થા.

હે પરમાત્માના સુખાસ્પદ કુસુમો! બંધુઓ! ભગિનીઓ! આ ઉપરની સંસારની ભાવના ઉપર લક્ષ લગાડી સત્સમાગમ, સદ્જ્ઞાન, સદ્ગુરૂને મેળવી વસ્તુધર્મને ઓળખી, શુદ્ધ સમકિત મેળવી અનંત સુખ પામો. એજ અંતીમ ઇચ્છા. ૐ **શાંતિ, શાંતિ, શાંતિ.**

**શેઠ જેશીંગભાઈ પ્રેમાભાઈ.**

# काम बताव! नहि तो खाइ जइश!!!

એક પટેલને એક મોટો રાક્ષસ મળ્યો. તેને પટેલ ઘેર લાવ્યા. ખવરાવ્યું–પીવરાવ્યું ને વાત કરવા બેઠા. રાક્ષસે કહ્યું: " મને કામ બતાવવું પડશે. મારાથી નવરા બેસી રહેવાશે નહિ. જ્યારે કામ નહિ બતાવી શકો ત્યારે હું તમને ખાઈ જઇશ. આ ઉપરથી શેઠે તેને લાકડાં કાપી લાવવાનું, દળવાનુ વિગેરે ઘણાં કામ બતાવ્યાં, જે તેણે સહજમાં કરી નાખ્યાં. હવે શું કામ બતાવીશું ? નહિ બતાવીએ તો રાક્ષસ ખાઇ જશે. આ વિચારે પટેલના હોશકોશ ઉડી ગયા. એટલુંજ નહિ પણ વગર મોતે મરવા પડયો. ડાચાં બેસી ગયાં, ખવાય નહિ, ઉંઘાય નહિ, કંઈ ગમે નહિ, રાક્ષસના સામે જુવે ને શેર લોહી ઉડી જાય!

એવામાં કહો કે પટેલના સદ્ભાગ્યે એક સાધુ મહાત્મા ત્યાં આવી ચઢવા ને પટેલને રોગ પુછયો; જેથી પટેલે સવિસ્તર હકીકત સાધુજીને જણાવી. આ ઉપરથી સાધુજીએ કહ્યું: ભાઇ! મુંઝાય છે શા સારૂં ? હું કહું તેમ કર ? એક મોટો મોભ મંગાવી તારા ઘર સામે દાટ! ને જ્યારે જ્યારે રાક્ષસ કામથી નવરો પડે કે તુરતજ તેને આ મોટા મોભપર ચઢવા હુકમ કરવો તે પછી ઉતરવા જણાવવું એમ કર્યાંજ કરવા દેજે! તે નવરો પડશેજ નહિ ને તને ખાશે પણ નહિ. આ સાદા જવાબ ને ઉપાયથી પટેલની છાતી પરથી હજારો મણનો બોજો ઓછો થઇ ગયો. તે આનંદમાં આવી ગયો, ને પોતાના ઘરકામ સિવાયના

બાકીના વખતમાં રાક્ષસને કામ બતાવી દીધું ને પોતે સારો થઇ ગયો, કારણ કે તે ચિંતાથી મુક્ત થયો હતો, ને એજ રાક્ષસ પાસે મનગમતું કામ લઇ અત્યંત સુખી થયો.

વાચક ! આ સાદા દ્રષ્ટાંત પરથી આપણે શો બોધ લઇશું ? તેના પરથી શો ઉપનય ઘટાવીશું ? મન–રૂપી રાક્ષસ એવો જબરો, નિરંકુશ ને ચપળ છે કે તેને કામ, કામ ને કામ સિવાય કંઇ સુઝતુંજ નથી. તેને નથી થાક લાગતો, લાખો માઇલોની મુસાફરી કરતાં નથી થાકતો, તે હૃદય પ્રદેશમાં તોફાન મચાવતાં, કે નથી થાકતો તે શાંતિરૂપી મંદિરને ભાંગી નાખતાં. મનુષ્યરૂપી પટેલને તે કહે છે કે, મને ગમે તેવું કામ–ગમે તેવા વિચાર કરવાનું બતાવ ! પછી સારા કે ખોટા નહિ તો હું તને ખાઇ જવાનો. ત્યારે તેણે મનને દ્રવ્ય કમાવાનું, ઘર બાંધવાનું, ઘર ચલાવવાનું આદિ કામો સોંપ્યાં, પણ રાક્ષસ જેવું મન ! તેને શી વાર ! હવે ! ત્યારે મનને શામાં જોડવું કે જેથી તે વશ રહે–ખાય નહિ ને પોતાનો ઇષ્ટ હેતુ પાર પડે, કારણ મન રાક્ષસનાં પરાક્રમ ઘણાં જબરાં છે.

મન રાક્ષસ વસમો બહુ, પ્રસન્ન ચંદ્ર ઋષિરાય;
ઘડીમાં નર્કે સાતમી, ઘડીમાં કેવળ પાય.

ઘણા વિચારો કરતાં પણ મન રાક્ષસ માટે કંઇ ચાલુ કામ મળી ન શક્યું. એવામાં સદ્‌ગુરૂજી આવી ચડ્યા ને તેને સ્હેલો રસ્તો બતાવ્યો કે–ભાઇ ! મુમુક્ષુ ! કેમ ગભરાય છે ! જે રાક્ષસથી તું બીહે ને ગભરાય છે, તેજ રાક્ષસ ત્હારૂં કામ કહાડી નાંખશે, અરે તને અનંતા સુખ આપશે તેવું કામ લેતાં આવડવું જોઇએ.

ત્હારામાં અનંત જ્યોતિવાળો, તિર્થંકરના બળવાળો, જ્વાજલ્યમાન રૂપવાળો, પરમાત્મ સ્વરૂપ ‘ આત્મા ’ બિરાજે છે. આત્મારૂપી મોટો મોભ ત્હારા હૃદયરૂપ ચોગાનમાં દાટી તેને ઓળખવામાં–ધ્યાવવામાં–પુજવામાં ને છેવટે તે પામવામાં–તદાકાર રૂપ થવામાં–( તે પર ચઢી ઉતરવા ) ત્હારા મન રાક્ષસને જોડ. ત્હારાં વ્યવહારીક કાર્યો કરાવી–ધાર્મિક–આદિ કાર્યો કરાવ્યા બાદ, મન પાસે એ મોભપર ચઢી ઉતરવાનું કાર્ય કરાવ. ભલે પૂજા–સેવા આદિ દ્રવ્ય ધર્મ તેની પાસે કરાવ, પણ આત્માભિમુખતા તેની પાસે કરાવ, તેમાં તદાકારપણું આણ, ને છેવટે ત્હારો ઇષ્ટહેતુ–મુક્તિ પ્રાપ્તિ એ મનજ આપશે.

મન રાક્ષસને એકજ તાન ! કામરૂપી એ માગે ધાન્ય !
ના આપે તો લઇ લે પ્રાણ ? એજ હમેશાં તેને જ્ઞાન !
જ્ઞાની ગુરૂ દેખાડે રાહ ! મોભ ઉપર ચઢ ઉતર સદાય !
ઘર કામે પરવારે જહાંહ ! એકજ કામ કરાવો ત્યાંહ !
મન રાક્ષસને અદકાં કામ ! ઉંધાં ચત્તાં કરવાં તમામ !
પ્રભુ ભજન ને આત્મધ્યાન ! સોંપી મુકો આઠે જામ !
આત્મ–પ્રભુ સહેજે સાંપડે ! અતૂલ સંપત્તિ સહેજે જડે !
મુક્તિપુરીનો “આપે” પંથ ! મન રાક્ષસ તમને અવિલંબ ! !

**પાદરાકર.**

# प्रेमघेला प्रवासीनुं पवित्र जीवन !

( અનુસંધાન ગતાંક ૨૪૯ પાનેથી ચાલુ. )

## હૃદયશોધન.

મ્હારી કથામાં હૃદયરપર્શિ દર્દી દિલનાં ગાન છે;
મ્હારી કથામાં રગરગે હા ! પ્રેમ તત્ત્વનું ભાન છે !
મ્હારી કથાના શ્રવણથી, કઇ હૃદય આળાં થાય છે;
મ્હારી કથામાં પ્રેમ નિર્ઝર–જીવન રસ ઉભરાય છે.

ના ! ના ! પૂછો, દર્દી જીગર, આ ફકીર–બંદો પ્રેમનો.
મરવું ગમે છે પ્રેમમાં–દાવો નથી મુજ રે'મનો !
જીવ્યો જીવનધારી પૂનિત, ને પૂનિત મૃત્યુ ચાહું છું;
પ્રિય પ્રાણે માટે આ જીવન છે, પ્રેમ માટ જનાર છું.

પ્રેમઘેલો માહરૂન–કમનસીબ માહરૂણ–એક મોટા આંચકા સમેત, ગબડતો ગબડતો એક અંધારખાનામાં પટકાયો; અને તે સાથેજ તેના તળીઆની જમીન ડગમગવા લાગી, અને ધીરે ધીરે આખી બેઠક, જરા પણ અવાજ વિના નીચે ને નીચે ઉતરતી ગઇ. ભોળા માહરૂણને લાગ્યું કે, પરમ ઉદાર અને સહનશીલ ધરતી માતા, તેના પર રેહેમ લાવી, પોતાના ઉદરમાં સમાવવા માર્ગ દે છે. પણ કમનસીબ માહરૂણનું એ સદ્‌ભાગ્ય ક્યાંથી ? અગર તો વિશ્વમાં કયો પ્રેમી સુખે–પોતાનો પ્રેમ માણી શક્યો છે. ખરેખર ! ધરતી તેને પોતાના વિશાળ ઉદરમાં શમાવતી નહોતી, પણ ઉલટું આખી બેઠક જે વિચિત્ર રીતિથી નીચી નીચી નમતી જતી હતી, તેથી તેને ઘણો વિસ્મય અને ગભરાટ થવા લાગ્યો. એ વિષે વિચાર તુરંગ આગળ દોડાવવા જાય છે, ત્યાં તો કડાક દઇને, મોટા અવાજ સાથે, જે ભોંયતળીઆ પર તેના પગ ટકી રહ્યા હતા, તેના બે ભાગ થઇ ગયા. અંતે બેઉ ભાગની કોરો વધારે ઉંડી ઢળતી ગઇ, અને તેની સાથેજ ગરીબ બિચારો માહરૂણ, ફલકની નીચેના ભોંયરામાં ગબડી પડ્યો. પડતાંની સાથેજ, તેના માથામાં સખ્ત ઘા લાગ્યો, અને તે ઘડીએ તો માહરૂણ બેભાન હાલતમાં આવી પડ્યો. હૃદયના ઘા સાથે માથાનો ઘા ! અરેરે ! પ્રેમીઓ દુઃખી થવાજ સરજાયા હશે ? ! !

જુદાઇ, જુલ્મ આલમનો, કસોટી આકરી પ્રીતિ;
તણા સુખ પ્રેમીને મળતાં, બધાંએ દુઃખને સાટે !
નથી મેવા અગર શરબત, પ્રીતિ પોલાદનો રસ છે !
પીએ તે મસ્ત થઇ જાતા, ખરે પ્રીતિ અજબ કસ છે !

બેભાન થઇ ગયેલા માહરૂનને થોડી વારે ભાન આવ્યું ત્યારે તે ચોતરફ ડોળા ફાડીને જોવા લાગ્યો. અંધકાર સિવાય બીજું શું નજરે પડે ? હૃદયમાં અંધકાર ને બહાર પણ

શ્યામ અંધકારજ છવાયો હતો. ઉપર નીચે અને આસપાસ આંખને હાથ પણ ન સુઝે, રાત્રી છે કે દિવસ તે પણ ન સમજી શકાય તેવો ગાઢ અંધકાર ત્યાં છવાઇ રહ્યો હતો. કમનસીબ માહરૂને આંધળાની માફક પોતાની આજુબાજુ હાથ પસારવા માંડયા. ભોંયરાની જમીન પત્થરથી જડેલી જણાઇ. હાથ પસારીને બેઠાં બેઠાંજ તે બિચારો ભોંયરાનો ઘણો ખરો ભાગ ફરી વળ્યો, ને કેટલીકવારે દિવાલનો એક ખૂણો હાથ લાગ્યો. તેને હાથેથી ટેકો દઇ માહરૂન ઉભો થયો, અને દિવાલને હાથથી તપાસવા માંડી. દિવાલ કડીઆને હાથે ચણાઇ હોય તેવી ન લાગી. ભયાનક ડુંગરાની કરાડોમાં આવેલી પત્થરની ગુફાનો કોઇ ભાગ કોરી કાઢયો હશે એવી પ્રતીતિ થઇ. એ ખડબચડી ભીંતને ટેકે માહરૂને અંધારખાનામાં ફરવા માંડયું. ચારે બાજુ આવી ને આવી ભીંત જણાઇ; એકજ સુંવાળી છાટય જણાઇ. વધારે બારીકાઇથી વિચાર કરતાં તેને લાગ્યું કે એ છાટય, કદાચ પત્થરની નહિ, પણ લોહના જાડા પતરાની હશે, અને એ બંદીખાનના બારણાની જગાએ ગોઠવી હશે આમ ધારી તે ખોલી નાંખવા તેણે એક વાર પોતાના સંપૂર્ણ બળથી જોરથી ધક્કો માર્યો. પણ, હા ! નસીબ. વ્યર્થ ! પેહેરેગીરોએ બહારથી તે બંધ કરેલું હતું.

અનુમાન સાચું કર્યું. પણ તે વડે કંઈ ન વળ્યું. ફરી પાછા પગ ઢીલા થઈ ગયા, ને નીચે બેસી પડયો. પણ એમ કયાં સુધી રહી શકાય ? આશા કઇ એટલી વહેલી મરી શકતી નથી. " કઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે ! " ફરી ઉભો થઇ, દિવાલને આશરે આશરે ચારે કોર ફરવા લાગ્યો. થાકીને વળી પાછો બેઠો. પોતાના આવા હાલ શાથી થયા ? તેનો ખ્યાલ આવતાંજ પશ્ચાત્તાપ શરૂ થયો, અને દુઃખની વેદના અસહ્ય થવા માંડી ! હાય ! માત્ર પ્રેમ કરવા માટેજ, પોતાના હૃદયની અધિષ્ઠાતા–જીવનદેવડીને ચહાવા માટેજ, નિર્દોષ એક મીઠી લેવા માટેજ આ દશાને ? અરેરે ! પ્રેમ ! તારા આ શા પ્રકાર ? માનવીઓ પ્રેમ કરશો ના ! પ્રેમ કરવામાં મઝાહ છે, પણ સુખ નથી. ગુલાબમાં સુંદરતા અને સુવાસ છે, પણ તે કંટકના ઘા ખમ્યા સિવાય મેળવી શકાતું નથીજ. ખરે ! પ્રેમીઓ દુઃખી થવાજ ત્યારે સરજાયા હશે ? પણ ત્યારે બિચારી મ્હારી જીવનલતા સમાન દેવી સેલીમાની શી દશા ત્યારે ? શાહજહાન જેવા ભારત સમ્રાટની બેગમ, મ્હારા જેવા ભીખારડાને ખાતર અત્યારે શી દશા ભોગવતી હશે ? અરેરે ! અભાગી જીવડા ! શામાટે તે બિચારી નિર્દોષિને, તારા સ્પર્શથી દુષિત કરી ? દુષિત કરી તો ભલે ! પણ શાહેઆલમના સામે શામાટે સત્ય રૂપમાં જાહેર થયો ? હવે જીવવાની શી આશા ? અરે ! એ પ્રેમમૂર્તિને પુનઃ નીહાળવાની પણ શી આશા. મોત ! હવે મોતજ ! પણ તેની શું પરવા છે ! મ્હારા પ્રાણજીવનને ખાતર મોત તો શું પણ જીવતાં જીવત ચામડી પણ ઉતરાવવા તૈયાર છું.

ખુદા જો ખલ્કનો છે તો–
ખુદા માશુક છે મ્હારો !
ખુદા માશુક માટે જાન–
આ કુરબાન છે કરવા !

પણ અરેરે ! આમ રીબાઇ રીબાઇ મરવું પડશે ? જો એક વાર મેદાનમાં સમશેર વાપરતાં વાપરતાં મોત આવે તો બહેત્તર પણ આ દશામાં ભૂખ્યા તરસ્યા મરવું ! ઓ શાહ ! આ વિચારમાં ને વિચારમાં તે મોટેથી ચીસ પાડી ઉઠયોઃ " રે ! આમ રીબાવી રીબાવી મુઝાવી ના મારો ! મહેરબાની કરી આના કરતાં જલ્લાદની સમશેરને હવાલે કરો !" પણ કોણ

સાંભળે ! માત્ર આ અભાગી બંદીવાનની તીણી ચીસથી અંધારે છવાઇ રહેલું ભોંયરૂં ગાજી ઉઠયું. ઘુતાવળીના ભણકારા સાંભળી કોઇ ચમકી ઉઠે તેમ એ ચીત્કારના પડઘા સાંભળી માહરૂન ફફડી ઉઠયો, અને બેઠો હતો ત્યાંથી ઉભો થઇ ગયો. દિવાનાની માફક ભીંતપર જોર કરી મુઠી પછાડવા લાગ્યો. કઠોર શૈલને એથી કંઇ પણ ઇજા થઇ નહિ, પત્થર કંઈ હઠયો નહિ. ઉલટું ભાન આવતાં દુઃખના ડંશ, માહરૂનને નજ સહી શકાય તેવી વેદના કરવા લાગ્યા, અને શરીરપીડા એ પ્રમાણે વધતી ચાલી.

વળી વિચાર થયો કે લાવ ઘડી નિદ્રા લઉં. એમ ધારી ઘણી વાર સુધી તે આંખ મીંચી પડી રહ્યો. પણ નિદ્રા ક્યાં નવરી હતી જે ! તે આજેજ સ્હમજી શક્યો કે નિદ્રા સુખની સગી છે. બેહેસ્તમાં એનો તોર ઓર વર્તેલો રહે છે, અહિંયાં જહાજગમાં, અંધારખાનામાં, કારાગારમાં નિંદ્રા શું કરવા પુરાવા આવે ! નજ આવે ! માહારી માફક એણે કંઇ પણ દોષો કરેલા છે કે ? માહારી સજા ભોગવવામાં ભાગ લેવા આવે ?

થોડીવાર વિચાર વમળમાંથી તરી આવી આંખ ઉઘાડી. હાશ ! એક ઝિણી કીરણરેખા, ગાઢ તિમીર ચીરી અંદર આવતી જણાઈ, પણ મુઝાયલા મને માન્યું કે કદાચ એ આંખનો ભ્રમ હશે. એણે આંખ પાછી મીંચી લીધી. અને કેટલીકવાર એમની એમ રહેવા દઇ વળી ઉઘાડી. ના ભુલ નથી, અજવાળું પહેલા કરતાં વધારે જણાયું. આશા આવી એટલે શ્રદ્ધાથી તપાસ કરવા માંડી. ઝીણી નજરે જોતાં લોહના દરવાજાની એક કોરે ન્હાનું છિદ્ર જણાયું. હવે સ્હમજાયું કે, પેલો પ્રકાશ ત્હાંથી આવતો હશે. ઝીણી તેજ રેખાથી ઘોર અંધકાર તો દૂર ન થયો, પણ એ ગાઢતા થોડે થોડે ઓછી થતી ગઇ. માહરૂને ધાર્યું કે, રાત પુરી થઇ ને સ્હવાર ઉગતું હશે.

> છે આશાનું પ્રભાત કે ભ્રમ હશે, છે રાત્ર કે એ ઉષા.
> કાંઇ ના સ્હમજાય, પ્રાણ કરતો કંઇ કંઇ તરંગો નવા.

પહોર જેમ વ્હહતો ગયો તેમ તેમ એ છિદ્રમાંથી અજવાળું વધતું વધતું આવતું ગયું. ધીરે ધીરે એ વધતા જતા તેજથી માહરૂન પોતાના શરીરના જૂદા જૂદા અવયવો સ્પષ્ટ રીતે જોઇ શકવા લાગ્યો. એમ સ્હેજ શાંતિ થઇ, ત્યારે ચિન્તા શરૂ થઇ ગઇ. ચિન્તા, એના નશીબમાં શું થવાનું લખ્યું હશે ? એ બાબતની ચિન્તા ! એ ચિંતાનો કંઇ છેડો છે ? બાદશાહે ખૂદ પોતાની જીભે ફરમાન જાહેર કર્યું છે કેઃ—ભૂખે તરફડાવી મારવાની આજે સજા કરવામાં આવે છે. તેથી બે કે ચાર દિવસે જીંદગીની સાથેજ ચિન્તાનો અંત આવવાનોજ.

પોતાના તથા સેલિમાના ભાવીની ચિન્તાનો, ભુખનો તથા તરસનો વિચાર કરતાં કરતાંજ માહરૂને આખો દિવસ વિતાવ્યો. દરેક વિચારને અંતે સેલિમા—મોત—અને ભાવી તેના નેત્ર આગળ ખડાં થતાં. અને આવી ચિન્તાઓથી અવાર—નવાર એનું મગજ ભરેલું રહેતું. દિવસ હવે પુરો થવા આવ્યો. ત્યાં માહરૂનનું ધુમ્ર ફરવા લાગ્યું. એના મનની ચિન્તા થોડી મૃત્યુની અને થોડી બીચારી સેલિમાની—એ હવે વિસરવા લાગ્યો. બન્ને ચિન્તાએ એકજ રૂપ લીધું. જાણે એક પંખીની બે પાંખો.

ફરી અંધકાર વધવા માંડયો. છિદ્રેથી અજવાળું જવા લાગ્યું. તે પાછું ફરેજ નહિ. વ્યાકુળ થઇ માહરૂણ કેટલીયે ઘડી સુધી તે તેજ તરફ જોઇ રહ્યો. જાણે આખો દિવસ મોજમાં વિતાવી દિલનો દોસ્ત વિદાય લેતો હોયને ?

એમ કરતાં અજવાળું હોલવાઈ ગયું, અને પાછો અંધકાર–પેલો લાગલાગટનો લાંબો અંધકાર ! અરે કેવો ભયાનક ! એજ દુર્ભાગ્યનું કષ્ટ જોઈ નિદ્રાદેવી પ્રસન્ન નહોતાં થયાં તે, દયાથી આંખડી આંજી ત્યાં ઉતર્યાં. દુઃખ અંધારમાં ડૂબેલા દીનને પોપચે પોતાની કમળકુણી આંગળીઓ પરસી, પંપાળી પંપાળી તેમાં ઘેન ભર્યું. માહરૂન પોતાની દુઃખી હાલતને વિસરી ઢળી પડયો. અંધારા ને અજવાળાના ભેદની હવે તેને પરવા ન રહી.

નિદ્રા જનેતા શાંતિની–ને સૌખ્ય–શાંત પ્રદાયની,
દુખીઆંની બેલી, વિરામદાતા–અમીત વર વરદાયની.
ફાટી તુટી કંથા–ભીખારી રાય સૌ સરખા ત્હને !
નિદ્રા નરી નવ જીવનદાતા–મ્હેલ–ભૂપર–કેરણે !

પા. ફ.

જીગરની જ્વાળા ઘડિભર વીસરી જઈ માહરૂને કોઇ અજાણ્યા સ્વપ્ન પ્રદેશમાં પગલાં ભરવા માંડયાં.

તેણે તે દિવસે એક અદ્ભુત સ્વપ્ન જોયું. જાણે ખૂબ તેજતેજના અંબાર પ્રકટી રહ્યા છે. વીણાનાદ ગાજવા લાગ્યો છે. અને પાસે ને પાસેજ હવે ઇશ્વિરની ભૂમિ આવતી જાય છે. એ સ્વર્ગ પ્રદેશમાંથી મનોરમ સુગંધી ઉઠે છે, અને ત્યાંનો વાયુ ઠંડો–મીઠો પુષ્પોની ખુશ્બોથી મઘમઘતો, મગજને તર બત્તર કરી નાખતો વાઈ રહ્યો છે. ખીલેલા અને સફેદ નાજુક પુષ્પોના રોપની વચ્ચે એક કુંજ ઉભી છે, લીલમડી વેલને, સુવર્ણ રસે રસેલે માંડવે રાતી ડોક અને સુનેરી ચાંચનાં પંખિઓ કલ્લોલ ગજવે છે. અને ફુલોની સુગંધ સુંઘતા સુવાસિત વાયુના ઘરોમાં પોતાની જમણી પાંખો ફફડાવતા ધીરે ધીરે પાછાં ઉડે છે. રસ્તાઓમાં ચોખ્ખી–નિર્મળ ચાંદની પથરાયલી છે; અને એ રૂપાની રેલ ઉપર અપ્સરાઓનાં ઝુંડે ઝુંડ નૃત્ય ખેલ ખેલી રહ્યાં છે. સૌની વચ્ચે–આ અથાગ સુન્દરતાના ઢગલાઓ જેવી પરિઓના ટોળા વચ્ચે–મુકુટને રઢીઆળી રીતે હલાવતી પ્રેમઘેલા પ્રવાસીની–પોતાનીજ જીવનમણિ સખિ–સેલિમા નેત્રો ફેરવતી ફેરવતી સૌને નૃત્યના થનકાર લેવરાવતી હતી. એમના પદનો એક જબ્બર ધમકારો જાગતાંજ જાણે માહરૂનની આંખ ઉઘડી ગઇ, અને એ હુરીઓનું ટોળું ઉડી ગયું, ઉપ્રેપણ સાથેજ પોતાની પાંખો ફફડાવી પણ એને શરીરે કોઇનો હાથ ફરતો હોય એમ તેને ભાસ થયો, તેથી આશ્ચર્ય લાગ્યું.

સ્વપ્નાનીજ ધૂનમાં વિચિત્ર અવાજે માહરૂને સવાલ કર્યોઃ–" કોણ છો ત્હમે ? બેહેસ્તી ફરેસ્તા શું પધાર્યા છો ? " જવાબ મળ્યોઃ–" નહિ ! ના ! ફરેસ્તા નહિ પણ માનવી ! "

" માનવી ? માનવી અહિં કેમ કરીને આવી શકે ? "

" મ્હને ખૂદાએ મોકલ્યો છે ! મ્હારી ગતિ હરજગે બિન અટકાવ છે ! "

" ત્યારે શા માટે આવ્યા છો ? હું પર કંઇ ઉપકાર કરી શકો તેમ છો ?

" ત્હારા પર ઉપકાર કરવાજ આવ્યો છું, તેમ સાવધાન કરવા આવ્યો છું. તું હવે આ દુનીયામાં કેટલો વખત રહેવાનો છું, ત્હેની તને છે ખબર ? "

માહરૂને લાંબો નિઃશ્વાસ મુકી કહ્યું:–" બહુમાં બહુ તો બે દિવસ કે ત્રણ ! ભૂખ્યા મોતની મને સજા કરવામાં આવી છે. "

" અવર દુનીઆ વિષે ત્હને શ્રદ્ધા છે કે ? "

" હા, એ વાત હું માનું છું. ! " ( અપૂર્ણ. )

# " परोपकाराय सतां विभूतयः "

## ઝવેરી જીવણચંદ લલ્લુભાઈની કંપની તરફથી " સુરતમાં એક નવી જૈન બોર્ડીંગની સ્થાપના. "

અમોને સુરતમાં ઝવેરી જીવણચંદ લલ્લુભાઇની કંપની તરફથી એક નવી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગની સ્થાપનાના સત્ય ખાસ સમાચાર મળ્યા છે તે આનંદજનક છે. સુરતમાં મરહુમ પ્રસિદ્ધ ઝવેરી ધર્મચંદ ઉદયચંદના નામથી જૈનકોમ તથા જૈનેતરકોમ સુજ્ઞાત છે. ઝવેરી ધર્મચંદ ઉદયચંદે અનેક ધાર્મિક કાર્યો કરેલાં છે. પાલીતાણાનો તેમણે સંઘ કાઢયો હતો. સુરત જૈનમન્દિર જીર્ણોદ્ધાર ખાતું તેમણે મોટી રકમ ખર્ચી સ્થાપ્યું હતું. તેમના ચાર સુપુત્રો ચાર ધર્મના સ્તંભની સમાન છે. ઝવેરી લલ્લુભાઇ ધર્મચંદ, ઝવેરી જીવણચંદ ધર્મચંદ, ઝવેરી ગુલાબચંદ ધર્મચંદ અને ઝવેરી મગનલાલ ધર્મચંદ. આ ચાર પુત્રો વ્યાપાર આદિમાં કુશળ હોઈ જૈનકોમની ઉન્નતિનું હિત પોતાના હૈયામાં ધારે છે. તેઓ જૈનશાસનની ઉન્નતિ કરવામાં યથાશક્તિ કંઇ ને કંઇ કર્યા કરે છે. ઝવેરી જીવણચંદ ધર્મચંદ તેમની કંપની તરફથી ધાર્મિક કાર્યોમાં સારી રીતે ભાગ લે છે. વિલાયતમાં–લંડનમાં ઝવેરી જીવણચંદ લલ્લુભાઇની કંપનીએ એક મકાન ભાડે લીધું હતું તે મકાનમાં વિલાયત અભ્યાસ કરવા જનાર વિદ્યાર્થીઓને સાહાય્ય માગતાં બનતી સાહાય્ય આપવામાં આવી હતી. હાલમાં દાક્તરની વૃત્તિ લેનાર એક વિદ્યાર્થિને તેમણે ઇંગ્લાંડમાં અભ્યાસ કરવા માટે જવામાં સારી સાહાય્ય આપી છે. સુરત જૈન જીર્ણોદ્ધાર ફંડનો કારભાર ચલાવી તે દેરાસરોની રક્ષામાં તેઓ બનતી સારી સેવા કરે છે. સં. ૧૯૬૪ ની સાલથી આબુજીના દેરાસર સંબંધી જીર્ણોદ્ધારનું કામ તેમની પેઢી તરફથી ચાલે છે. માંદા દર્દીઓને પણ તેમની તરફથી દાક્તર મારફત દવા કરાવવામાં સારી સાહાય્ય આપવામાં આવે છે.

ઝવેરી ધર્મચંદભાઇના ચાર પુત્રો તરફથી સુરતમાં જૈન બોર્ડીંગ ઉઘાડવાનો નિશ્ચય થયો છે. ઘણા વર્ષોથી અમારો તેમને ગુરૂકુલ સ્થાપના કરવા સંબંધી ઉપદેશ થયા કરતો હતો અને હાલ ગુરૂકુલ ન સ્થપાય તો જૈન બોર્ડીંગ સ્થાપન કરવા સંબંધી ઉપદેશપ્રવૃત્તિ ચાલતી હતી. છેવટે ઉપદેશના પરિણામે જૈન બોર્ડીંગ સ્થાપન કરવાની તેમની પ્રવૃત્તિ થઇ છે. તેઓની કંપની તરફથી પ્રાયઃ રૂપૈયા ત્રીશ ચાલીશ હજાર હાલ તે નિમિત્તે ખર્ચવા સંબંધી વિચાર સંભળાય છે. ભવિષ્યમાં તેની પ્રતિવર્ષે સારી સ્થિતિ થાય તેવા ઉપાયો યોજવામાં આવશે. અમદાવાદમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગની સ્થાપનામાં ઝવેરી લલ્લુભાઈ રાયજીએ અગ્રગણ્ય ભાગ લીધો હતો જે બોર્ડીંગ હાલ સારા પાયા ઉપર ચાલે છે. ઝવેરી લલ્લુભાઈ રાયજીનો સ્વર્ગવાસ થવાથી તેના પ્રમુખ–શેઠ જગાભાઇ દલપતભાઇ બી. એ. નિમાયા છે તેથી હવે બોર્ડીંગ ઉત્તમ પાયા પર આવશે એમ સર્વ તરફથી ધારવામાં આવે છે. શેઠ જગાભાઇના હૈયે ખરેખર જૈનકોમનું હિત વસેલું છે એમ તેઓની અધુના પ્રવૃતિ જોતાં જણાય છે. અમદાવાદની બોર્ડીંગને વધુ સાહાય્ય મળવાની જરૂર છે. માટે તે બાબત સંઘના નેતાઓ વિચાર કરશે અને તેને બનતી સાહાય્ય આપશે. ઝવેરી ધર્મચંદ ઉદયચંદના

સપુત્રોને સુરતમાં બોર્ડીંગ સ્થાપન કરવા માટે ધન્યવાદ આપવામાં આવે છે અને તેમના હાથે જમાનાને અનુસરી જૈનોપયોગી કેળવણીનાં કાર્યો બને એમ ઇચ્છવામાં આવે છે. જૈન બોર્ડીંગના કાયદાઓ અને તેની સુવ્યવસ્થાની ખાસ કાળજી રાખવાની જરૂર છે. જૈન બોર્ડીંગોથી જૈન બાળકોને ઘણી સાહાય્ય મળે છે-નાતવરા વગેરે ખર્ચથી જૈનકોમને લાભ થઇ શકતો નથી. જૈન બોર્ડીંગોથી અનેક વિદ્યાર્થીઓને વ્યાવહારિક લાભ મળી શકે છે. અમદાવાદની જૈન બોર્ડીંગ, શેઠ ચીમનભાઇ નગીનદાસની જૈન બોર્ડીંગ, સુરતમાં રત્નસાગરજી બોર્ડીંગ, મુંબાઇમાં શેઠ ગોકળદાસ મુળચંદ બોર્ડીંગ, તથા મહાવીર વિદ્યાલય; પાટણની બોર્ડીંગ, ભાવનગરની જૈન બોર્ડીંગ અને પાલીતાણાની જૈન બોર્ડીંગથી જૈન વિદ્યાર્થીઓને લાભ પ્રાપ્ત થયો છે. જૈન બોર્ડીંગોમાં ધાર્મિક કેળવણી સારી રીતે આપવા માટે વ્યવસ્થા કરવી જોઇએ. ધાર્મિક કેળવણીની સાથે વ્યાવહારિક કેળવણી આપવામાં આવે છે તો ભવિષ્યમાં તે વિદ્યાર્થીઓ જૈન કોમની સેવા ખરી રીતે કરી શકે છે. હજી કેળવાયલા જૈનવર્ગે જૈન કોમનું પ્રગતિકારક મહાન્ ધાર્મિક કાર્ય કર્યું હોય એવું જણાતુ નથી. જે આશયોથી બોર્ડીંગોને સ્થાપવામાં આવે છે તેનું ફલ ખાસ મળે એવું લક્ષ્ય કદાપિ ભૂલવું ન જોઇએ. જૈનકોમ જો સવેળા ચેતશે તો તે જાહેર પ્રજાઓમાં પોતાનું ઉચ્ચસ્થાન સંરક્ષી શકશે, અન્યથા અન્ય કોમો કરતાં પાછળ પડવાનો પ્રસંગ પ્રાપ્ત થઇ ચૂકયો છે અને ભવિષ્યમાં વિશેષ થશે માટે જૈન કોમે બોર્ડીંગો ગુરૂકુલો સ્થાપી તેમાં તન-મન ધનનો ઉપયોગ કરી જૈન કોમની ચડતી કરવી જોઇએ. જૈન કોમ સવેળા આવા વિચારોથી ચેતી કર્મયોગી બની જૈનોની ઉન્નતિ કરે એવી આન્તરિક ભાવના સફલ થાઓ. ૐ **શાન્તિઃ ૩**

**લે. મુનિ બુદ્ધિસાગર.**

# સન્યાસ અને શિષ્યવ્રત.

( ગતાંકથી ચાલુ. )

( રામાયણની સાખીની લય. )

“ ઈશ્વર પ્રેરિત આ માયા ને આ લીલા,
“ પ્રેરક તત્વોથી ખુલ્લા ભવના ચીલા;
“ એ સરજનહાર સમીપે જાવા ચ્હાતાં,
“ અનુરાગી ત્હેની સૃષ્ટિના નથ થાતાં.

“ જન જે ત્હેની સૃષ્ટિને તરછોડે,
“ તે પ્હોંચે શાં સાધનથી ત્હેની જોડે ?
“ જો સૃષ્ટિમાં ના રહેવું નિર્મ્યું ત્હારે,
“ તો [illegible]

" જો આધે સરના જળમાં કમળો ખીલ્યાં,
" મૌક્તિકબિન્દુ શાં જળબિન્દુને ઝીલ્યાં;
" લગતી પણ જેની ભાનુમાં વ્યોમે,
" **સંસારીને એ પાઠ પઢવતાં જોને !**
" સુખ, વૈભવ, સ્ત્રી, સંસાર ફરજ સૌ ત્યાગી,
" દમી દેહ મારીને મન થા માં વૈરાગી;
" તાપે તપવાની જુદી કસોટી—રીતિ,
" મન; મારી નહિ, પણ મિત્ર બનાવો જીતી.

( અનુષ્ટુપ. )

લજ્જા પામી ચન્દ્રસિંહ શિષ્યવ્રતને કારણે;
તત્વ, હેતુ, માર્ગ પૂછે કહેતા બુદ્ધ ધરી દયાઃ–

( રામાયણની સાખીની લય. )

" તુજ સત્ય કૃતિ પર કલંક દીધું કોકે*
" અંતે છાનું કે નિર્મળ સત્ય નહિ જો કે !
" મોહ્યો સત્યની સાબીતી કરવા હોયે,
" ને ચૂક્યો સત્ય પરની શ્રદ્ધાને મોહે ! "

( અનુષ્ટુપ. )

ચન્દ્રઃ–" વદો શી આ ગુહ્ય ગિરા, સ્વામી ! ના સમજી શકું !
" છાજે છે શું સદ્‌ગુણીને વ્યર્થ આરોપ વેડવો?",

( રામાયણની સાખીની લય. )

બુદ્ધઃ–" મુમુક્ષુના છે માર્ગ નિરાળા મૂળે,
" નિન્દા, અન્યાયો ઘોળી પીતા રૂરે;
" સત્યના અભિમાને જગના વ્હાલા થાતાં,
" શિષ્યવ્રત શું સાચાં ડગ ભરવાં ચૂકાતાં ! "

( અનુષ્ટુપ. )

ચન્દ્રસિંહે નમાવ્યું મસ્તિષ્ક શરમિંદા પડી;
અને વાંચ્છી વધુ શિક્ષાઃ સિદ્ધાર્થે કરૂણા કરીઃ–

( રામાયણની સાખીની લય. )

" નિષ્ફળ થઇ હારી આમ કસોટી પહેલી,
" ઉંડા સ્વાર્થો, મમતા, મન વૃત્તિ મેલી !

* કથા વિસ્તૃત છે; પણ સંક્ષેપમાં વિદિત થાવ કે કોઈ પ્રજાજને ચન્દ્રસિંહપર ખોટું આળ ઢોળેલું; પોતે નિર્દોષ હતો, તે પૂરવાર કરવા મન્થન ચલાવી રહ્યો હતો. બુદ્ધભગવાન એમ સૂચવે છે કે, સત્ય ઉપર ત્હને શ્રદ્ધા ન રહી ત્યારે ત્હે ત્હારી નિર્દોષતા પૂરવાર કરવા માંડી ! નહિ તો સત્ય પોતેજ અંતે તરી આવત. ( કેવી સુન્દર ફીલસુફી ! ) સરખાવો કલાપીની પંક્તિઃ–

" એ બીજી કસોટી સમયે પણ ના ફાવ્યો—
" કે મિત્રહૃદય પર ઘા કરવાને આવ્યો.§
" નહિ ચક્ષ થકી પણ ચક્ષ તણી મૈત્રીથી,—
" મળતો આનન્દ, એ આનન્દ સાથે પ્રીતિ;
" તુજ સ્થૂળ-સ્વાર્થી આનન્દ થવામાં ઉણો,
" વિણ હક દમે કાં ચક્ષ-ન જેનો ગુન્હો !"

( શિખરિણી. )

ચન્દ્ર:—" દીધું મૈત્રિ બાંધી દિલ, અવર તે કાં લઇ શકે ?
" પ્રીતિ ને આનન્દો અરપણ કરી કેમ પલટે ?
" સ્વીકારેલૂં વ્હાલાં જગતની પછી શાની પરવા?
" દીધેલી બક્ષીસો હક અવરનો છે શું લૂંટવા ?"

( અનુષ્ટુપ. )

સુણી સંસારીનાં આવાં નીતિપૂર્ણ પ્રયોજન;
પ્રેમની ભાવનાથી ભૂલેલને બુદ્ધ બોધતાઃ—

( રામાયણની સાખીની લય. )

" નીતિ કે કારણ પ્રેમ તણાં નિરાળાં,
" નહિ પ્રેમ ગણે એકલવાયાંને વ્હાલાં;
" તુજ દૃષ્ટિ સમષ્ટિસ્નેહ વિનાની લૂખી,
" શીદ પ્રેમવિનિમય દેખી થાવૂં દુઃખી ?
" સ્વાર્પણ ભૂલી થઇ યાચક વૃત્તિ ત્હારી,
" ને ભોજ્ય સમીપે ભ્રષ્ટ થયો ભિખારી !
" સંકુચિતતાને રાગ કીર્તિના ભોગે,
" તુજ પ્રેમ-ધર્મને ચૂકતાં અટક્યો ચોગે."

( અનુષ્ટુપ. )

ઝંખવાણો પડ્યો ચન્દ્ર ખામી આપ નિહાળીને;
દીઠો વ્યોમે ચન્દ્ર ઝાંખો—ઝાંખું જીવન એહનું !
હસ્ત જોડી મુક્ત કંઠે મીંચી નેત્ર જળે ભર્યાં;
પ્રાર્થતો સુજ્ઞાન જાસ્તી સાચો રહસ્ય પામવા.

( રામાયણની સાખીની લય. )

" નિષ્ફળ ગઇ બીજી આમ કસોટી ત્હારી,
" નહિ દયા ક્ષમા મન સાત્વિક વૃત્તિ-સારી !

---

§ કથા વિસ્તૃત છેઃ પણ સંક્ષેપમાં વિદિત થાવ, કે જે એક મિત્રને તે વ્હાલો હતો, તેજ તેના મિત્રને બીજો વ્હાલા લાગ્યો, આથી ચન્દ્રસિંહે જાણ્યું કે મારા પ્રત્યેથી મારા મિત્રનો ભાવ ઘટશે, વાસ્તે પેલા બીજા વ્હાલાનાર ને નુકસાન કરવાનું મન્થન ચલાવવા લાગ્યો. ભગવાન બુદ્ધ શીલસુફી બતાવે છે-જેને આપણે કલાપીમાંથી સરખાવી શકશું.

" [illegible] "

"પત્નીમાં જોતાં દુર્ગુણ આણી ક્રોધ,
"ત્યજી દીધી ત્હેને ક્રૂર કરી વિરોધ."*

( અનુષ્ટુપ. )

ચન્દ્રઃ—"દુર્ગુણીને દંડ દીધો ને સંસાર તથા કુલે,
"નિવડ્યો આદર્શ રાજ્યેઃદોષ આમાં શી ભૂલે?"

( રામાયણની સાખીની ચાલ. )

બુદ્ધઃ—"છે પ્રેમ વિહોણી પવિત્રતા સૌ ઉણી,
"અધિકાર ન ત્હારો ત્યજવામાં દુર્ગુણી;
"મુજ હોય મુમુક્ષુ ના તુચ્છકારે ત્હેને,
"સત્કારી, સદ્ગુણી કરે રહસ્યથી રે'મે."

( હરિગીત. )

"શિષ્ય વૃત્તિને સ્વીકારવા શા સદ્ગુણો સંપાદવા,
"તે આજ સમજ્યો સ્વરૂપ સ્વામી! હો રજા પાછા જવા.
"લાયક બની આવું અહીં ત્યાં સુધી આપ દયા વસો—
"મુજ અંતરેઃ આ એક છેલ્લી યાચના સ્વીકારશો."

( અનુષ્ટુપ. )

અમીની દૃષ્ટિથી બુદ્ધે જોતાં યુવાનની પ્રતિ;
કાળી અન્ધારી રાત્રિએ પ્રકાશ ફેલાયો બધે.
પ્રભા પ્રાતઃકાળની આ જાણી વનપંખેરુ સૌ;
ઉઠયાં માળો ત્યજી હોંશે ને કલ્લોલે કલરવે!
વળ્યો પાછો પૂર પ્રત્યે પામી યુવાન કૈં નવું;
સમાધિસ્થ થયા સ્વામી શાન્તિ માત્ર રમે વને.

( અપૂર્ણ )

**અમદાવાદ.**
તા. ૧-૧-૧૫.

**—કેશવ હ૦ શેઠ.**

---

# स्वीकार.

**૧. ભયંકર ભૂત. ૨. ભરતચક્રવર્તી અને બાહુબલી** અને **૩. શેઠ સુદર્શન.** રા. રા. અચરતલાલ જગજીવનદાસ તરફથી. **ભાવનગર.**

---

* કથા વિસ્તૃત છેઃ પણ સંક્ષેપમાં વિદિત થાવ કે ચન્દ્રસિંહે કાંઈ દોષને અંગે તેની પત્નીને ત્યજી દીધેલીઃ ભગવાન—ગૌતમબુદ્ધ તેને વાસ્તે ઠીકોસોકીમાં ઉતરે છેઃ—

# योग.

( અનુસંધાન ગતાંક ૨૮૭ થી. )

૪૩. એ ચારે મંડળમાં પ્રવેશ કરતા વાયુ શુભસૂચક અને તેમાંથી નીકળતા વાયુ અશુભસૂચક છે.

૪૪. ઇડા, પીંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીનાં નામ છે.

૪૫. ડાબી બાજુના નસકોરામાં વહેતી ઇડા, જમણી બાજુની પિંગલા અને એ બંનેની વચ્ચેની સુષુમ્ણા કહેવાય છે.

૪૬. સુષુમ્ણા નાડીમાં ધ્યાન ધરવું એ મોક્ષના કારણરૂપ થાય છે.

૪૭. પિંગલામાં ધ્યાન ધરવું અનિષ્ટસૂચક ને ઇડામાં ધ્યાન ધરવું એ ઇષ્ટસૂચક છે.

૪૮. ઇડા એ ચંદ્રમાર્ગી અને પિંગલા એ સૂર્યમાર્ગી ગણાય છે.

૪૯. રૌદ્રકાર્યે ( યુદ્ધ, વિષયસેવન, મંત્રસાધનાદિ કાર્યે )માં પિંગલા નાડી ઉપયોગી છે.

૫૦. ઇષ્ટ કાર્યમાં ઇડા નાડી ઉપયોગી છે.*

૫૧. જે તરફની નાડીને વહેતી રોકવી હોય તે તરફના પડખાંને દબાવવાથી બીજી નાડીનું વહન શરૂ થશે.

૫૨. પ્રાણાયામથી શરીરને કષ્ટ થાય છે ખરૂં પ્રત્યાહારથી શાંતિ વધે છે.

૫૩. વિષયોમાંથી ઇંદ્રિયોને ખેંચી લેવી તેનું નામ પ્રત્યાહાર.

૫૪. અભ્યાસથી પ્રથમ બાહ્ય અને પછી ધીમે ધીમે આંતર ઇંદ્રિયોને ખેંચી શકાય છે.

૫૫. ચિત્તને સ્થિર કરવામાં પ્રત્યાહાર પછી ધારણાની જરૂર છે. ધારણાથી સ્વસંવેદન થાય છે.

૫૬. શીર્ષ, કપાલ, ભ્રકુટી, આંખ, કાન, તાળવું, નાકાગ્ર હૃદય ને નાભિ એ આઠ સ્થાન, ધ્યાન અને ધારણા માટે ઉપયોગી છે.

૫૭. ઇંદ્રિયો ઉપરાંત મનને વિષયોમાંથી કાઢી નાંખવાથી ધારણા સાર્થક થાય છે.

૫૮. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું ફળ એ ત્રણે જાણવાની જરૂર છે.

૫૯. સર્વ જીવોને પોતાના સમાન ગાની તે પ્રમાણે વર્તનારો, ગમે તે ભોગે ને ગમે તે કષ્ટે ચરિત્ર પાળનારો, કષાયથી નહિ દબાએલો, આત્મરમણતાવાળો, સર્વનું કલ્યાણ ઇચ્છનારો, અડગ અને આનંદી મનુષ્ય ધ્યાતા થવાને યોગ્ય છે.

૬૦. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ધ્યાનના પ્રકાર હોઇ ધ્યેય છે.

૬૧. લોકાદિનું સ્વરૂપ લક્ષમાં લઇ ધ્યાન ધરવું તે પિંડસ્થધ્યાન કહેવાય છે.

૬૨. પદોનો આધાર લઇ ધરવામાં આવતું ધ્યાન પદસ્થધ્યાન કહેવાય છે. ( ઓંકાર, અર્હં, પ્રણવ, નમો અરહંતાણં વગેરે પદો કહેવાય છે. )

૬૩. આ ધ્યાન આનંદ વધારનારૂં અને મોક્ષ સમીપે લઇ જનારૂં છે.

૬૪. સમવસરણમાં બેઠેલા અષ્ટપ્રાતિહાર્યયુક્ત પ્રભુના રૂપનું આલંબન લઇ ધ્યાન ધરવું તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે.

૬૫. આ ધ્યાન ધરનાર અભ્યાસથી સર્વજ્ઞપણાની સમીપે જાય છે.

૬૬. નિરાકાર નિરંજન સિદ્ધ પરમાત્માનું ધ્યાન ધરવું તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.

૬૭. આ ધ્યાન ધરનાર સિદ્ધાત્મામાં ભળી જાય છે. **પોપટલાલ કેવળચંદ શાહ.**

---

* આ નાડીઓનું વહન સૂર્યોદય, સૂર્યાસ્ત વખતે અમુક માસમાં કેવી રીતનું હોય તો લાભ કે અલાભ થાય તે વિષે લખતાં બહુ લંબાણ થાય તેમ છે તો તે સઘળું તથા કાળજ્ઞાન, પવનજ્ઞાન વગેરે યોગ સંબંધી બધી વાત ગુરૂગમ્યથીજ જાણી લેવી ને આદરવી. ધ્યાન–યોગ તરફ આપણી દૃષ્ટિ અતિ મંદ હોવાથી તે તરફ વાચકવૃંદને ખેંચવા માટેજ આ વિષય અહીં યોગશાસ્ત્રાદિ પુસ્તકોપરથી આપ્યો છે

# બોર્ડીંગ પ્રકરણ.

## વીઝીટ.

આ બોર્ડિંગના પ્રેસીડન્ટ રા. રા. શ્રીયુત શેઠ જગાભાઈ દલપતભાઈ બી. એ. તા. ૯-૧-૧૬ ના રોજ આ બોર્ડિંગની મુલાકાત લીધી હતી તે વખતે તેઓશ્રીએ વિદ્યાર્થીઓને વિદ્વત્તાભરેલું ભાષણ આપ્યું હતું જે ઉપયોગી હોવાથી અમોએ આ અંકના ખાસ વધારા તરીકે જુદું પ્રગટ કર્યું છે.

રા. રા. આગ્રાના નિવાસી ઝવેરી દયાલચંદજીએ તા. ૧૪-૧-૧૬ ના રોજ બોર્ડિંગની મુલાકાત લીધી હતી. તે વખતે અત્રેના વતની રા. રા. વકીલ કેશવલાલ અમથાભાઇ બી. એ. એલ. એલ. બી. વકીલના પ્રમુખપણા નીચે તેઓએ વિદ્યાર્થીને અમુલ્ય સદ્બોધ આપ્યો હતો. ઉક્ત મીટીંગ વખતે અત્રેની શેઠ ચીમનલાલ નગીનદાસની બોર્ડિંગના સુપ્રીન્ટેન્ડન્ટ રા. રા. મનસુખરામ અનોપચંદે વિદ્યાર્થી સહ હાજરી આપી હતી તથા સંસ્કૃત વિષયમાં સારૂં જ્ઞાન ધરાવતા માસ્તર ભગવાનદાસ પણ આ મીટીંગ વખતે હાજર હતા.

### બક્ષિશ ખાતે આવેલી મદદ.

૧૦-૦-૦ બ્હેન મંગુ શા. મનસુખરામ હકમચંદની દીકરી હ. બાબાભાઈ ગટાભાઇ. અમદાવાદ પાદશાહની પોળ.

૧૦૦-૦-૦ મર્હુમ શેઠ ચીમનભાઇ નગીનદાસ હ. શેઠ અંબાલાલ સારાભાઇ બા. સને ૧૯૦૭ ની સાલમાં વીશ વર્ષ સુધી આપવાના કહ્યા હતા તે મુજબ સને ૧૯૧૫ ની સાલના. અમદાવાદ.

૧૧૦-૦-૦

### શ્રી માસિક મદદ ખાતે.

૬-૦-૦ રા. રા. કેશવલાલ મગનલાલ બા. સને ૧૯૧૫ ના માસ જુનથી તે નવેમ્બર સુધીના. અમદાવાદ વાઘણ પોળ.

૧૨-૦-૦ રા. રા. વાડીલાલ મગનલાલ બા. સને ૧૯૧૫ ના માસ જાનેવારીથી તે ડીસેમ્બર સુધીના. અમદાવાદ ખેતરપાળની પોળ.

૬-૦-૦ બોર્ડિંગના મેનેજીંગ કમીટીના મેમ્બર રા. રા. ઝવેરી પુરશોત્તમ અમીચંદ બા. માસ જુલાઇથી તે ડીસેમ્બર સુધીના સને ૧૯૧૫ ના. અમદાવાદ શેખનો પાડો.

૨૪-૦-૦

### પરચુરણ સામાનની વિગત.

રા. રા. મણીલાલ મગનલાલ, અમદાવાદ ઝવેરીવાડો, એમના તરફથી સ્વામી રામતીર્થનું જીવન તથા શિક્ષણ વો. ફર્સ્ટ એન્ડ સેકન્ડ. હ. વિદ્યાર્થી અંબાલાલ ત્રીભોવન.

રા. રા. કેશવલાલ અમુલખ, મુ. મુંબાઇ. એમના તરફથી વિદ્યાર્થીઓના ઉપયોગ સારૂ. ટોપી નં. ૧, ગંજીફરાગ નં. ૨, ચાકાં નં. ૨, કોપીબુક નં. ૨, દાબડી નં. ૨, નોટબુક નં. ૨, બટણની જોડ નં. ૧, અને ડબો નં. ૧.

**સુચના:**—ગતાંકમાં જે બારેજાની એક બ્હેન તરફથી મદદ આવી છે તેમાં ભુલ થએલી છે તે સુધારી નીચે મુજબ વાંચવું.

૫-૦-૦ બ્હેન માહાકોર શા. ફકીરચંદ કેવળચંદની અ. સૌ. પત્ની. ગામ બારેજા.

# ભારત–રમણીને.

( ભૈરવી ત્રિતાલ, તોટકની ચાલ. )

સખિ ! ભારત-સેવન કાજ અહો !
સજ જ્ઞાનતણો શુભ સાજ અહો !
નિજ દેશનું ચેતન તું જગવે :
રમણી ! ક્યમ એ તુંથી ના સંભવે ?

રસ-ભાવની લ્હાણુ સદા કરજે :
દુઃખીયાંની દયા ઉરમાં ધરજે :
સ્મરણે તુજ રમ્ય સહુ વિલસે :
રમણી ! ક્યમ હિન્દ તુંથી ન હસે ?

અમીથી ભરી વત્સલ તું બનજે :
સખિ ! સૌમ્ય રસીલી સદા બનજે :
બસ : એથીજ હિન્દ સુખે રમશે :
રમણી ! નહીં એ શું ત્હને ગમશે ?

બસ : સ્વાર્પણ કર્મની યોગિણી હો !
હસ અન્તર ધર્મ નિયોજી અહો !
ધસ સજ્જ બની તુજ કર્મ મહીં :
રમણી ! પછી શું જશ શક્ય નહીં ?

સખિ ! દેશની દાઝ દિલે ધરીયે :
નિજ દેશની કાજ ઝુરી મરીયે :
બસ : દેશની લાજની માટ જવું :
રમણી ! નહીં તો નજીવું જીવવું !

વિદ્યાવિલાસ. ભારતભક્ત ભરત.


## કોની મારફત છપાવશો ?

સારૂં શુદ્ધ છપાવવું હોય, કાળજીથી પ્રુફ તપાસાવવાં હોય તો પોપટલાલ કેવળચંદ શાહ રાજકોટવાળાને ( અમદાવાદ ) લખો.

પ્રમાણિકતાથી પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ મેળવવામાં ફત્તેહ પામેલી

જુનામાં જુની



નામીચી પેઢી

# ધી રાજનગર જ્વેલરી માર્ટ!

કે જ્યાં છેલ્લામાં છેલ્લી લેટેસ્ટ ફેશનોના સોનાના અને ઝવેરાતના મશીનપોલીસ અને હેન્ડપોલીસ દાગીનાઓનો ગંજાવર જથ્થો તૈયાર રહે છે.

**મજુરી કાપી સોનાનાં પુરાં નાણાં પાછાં આપવાની**

લેખીત **ગેરંટી!** આપવામાં આવે છે.

ચાંદીની ફેન્સી ચીજોનો ગંજાવર જથ્થો રાખીએ છીએ.

માલની ગેરંટી, જુજ નફે મોટું વેચાણ તેજ સિદ્ધાંત!!!

મુંબાઇની જાણીતી પેઢીઓમાં લાંબા વખતન અનુભવી અને કેળવાયલા કારીગરોના હાથે અમરી પોતાની દેખરેખ નીચે માલ બને છે.

**ગ્રાહકોને હસ્તે મુખડે વિદાય કરવા તેજ**

**અમારો મુદ્રા લેખ છે.**

## ધી રાજનગર જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી ભોગીલાલ પુરૂષોત્તમદાસ.**

રીચીરોડ—**અમદાવાદ.**

## જૈન પ્રજા માટે એક નિર્ભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !



### કે જ્યાં અગાડી



અપટુડેટ ફેશનના

# સોનાના! મસીન પૉલીસ દાગીનાઓ

## ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી અને ઘણીજ ઝડપથી વાયદેસર બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લેખીત ગેરંટી** મળે છે.

ઈંગ્લીશ જ્વેલરી, રોલ્ડગોલ્ડ જ્વેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના, વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

## રૉયલ જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

૪૫૬ રીચીરોડ—**અમદાવાદ**

# એક વધુ આગમાં ગોદરેજની

# તીજોરીની પરીક્ષા.

મીટસુ બુસેન કઈશા નામની એક મોટી જાપાની કંપનીની ઓફીસ મુંબઈમાં છે. એ ઓફીસ જ્યારે પેહેલાં મુંબઈમાં ઉઘડી ત્યારે ગોદરેજે પોતાની તીજોરી ખરીદવાની ભલામણ કરી હતી પણ સાહેબોના ધ્યાનમાં વાત ઉતરી નહિ અને વિલાયતી અને જાપાની બનાવટની તીજોરીઓ ખરીદી.

એ કંપનીની એક શાખા કરાંચીમાં છે અને તે ઠેકાણે **ગોદરેજ**ની એક નહાની તીજોરી વપરાતી હતી. ચાર મહીના ઉપર કરાંચીની ઓફીસમાં આગ લાગી અને ગોદરેજની તીજોરીમાં ત્રીસ હજાર રૂપીઆની નોટો હતી તે સલામત મળી આવી અને તે ઉપરથી મુંબઈની ઓફીસે તુરતાતુરત અગીઆરસો રૂપીઆની એક મોટી **ગોદરેજ**ની તીજોરી ખરીદી.

આવી રીતે આગ થવા પછી કુવો ખોદાવવાનું કામ વાજબી કહેવાય નહીં. જો કે નાના મોટા બધાએ એવુંજ કરે છે. થોડા વખત ઉપર મુંબઈમાં ઇવટ લેધમની કંપનીની ઓફીસમાં મોટી આગ લાગી તે વખતે જાણીતા મોટા વિલાયતી મેકરની ચાર તીજોરી ઓફીસમાં હતી અને તેનો જે અનુભવ સાહેબોને મળ્યો તે ઉપરથી આગ પછી ગોદરેજની મોટી સાત તીજોરીઓ અહીંની તેમજ કરાંચીની ઓફીસો માટે ખરીદવામાં આવી.

આવી રીતે ઘણાકો નુકસાન થયા પછીજ સાવચેત થાય છે. ઘણાકો પોતાને યા પાડોસીને ત્યાં ચોરી થવા પછીજ **ગોદરેજ**ની તીજોરી લેવા નીકળે છે. સર સાસુન જે. ડેવીડના જેટલી સાવચેતી થોડાકોજ રાખતા હશે. એઓએ જેવું જાણ્યું કે છેલ્લા વરસમાં મુંબઈમાં ઉપરાસાપરી આગો થઇ તેમાં જ્યાં જ્યાં **ગોદરેજ**ની તીજોરીઓ હતી ત્યાં ત્યાં જરાએ નુકસાન થયું હતું નહીં તેવું તરત પોતાની પાસની જાણીતા વિલાતી મેકરોની હજારોની કીંમતની પાંચ તીજોરીઓ લીલામથી વેચી નાંખવાનો ઠરાવ કરી તેની જગ્યાએ **ગોદરેજ**ની તીજોરીઓ ખરીદી.

હિંદુસ્તાન અને બરમાની સેવીંગ બેંકોના ચોપડા રાખવા માટે સરકારને થોડા વખત ઉપર ૩૭૨ ફાયરપ્રુફ તીજોરી જોઇતી હતી તે વખતે જુદા જુદા મેકરોની તીજોરીઓ આગમાં નાખી તપાસ કરી હતી અને ફક્ત **ગોદરેજ**ની તીજોરીમાં કાગળો સલામત હોવાથી અને બીજી તીજોરીમાં સઘળું બળી જવાથી ૩૭૨ તીજોરીઓનો ઓર્ડર ગોદરેજને આપવામાં આવ્યો હતો.

**કારખાનું:—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.**
**શાખા—રીચીરોડ—અમદાવાદ.**